
# આરતી




## - શ્રી યોગેશ્વરજી

" તમારી જ રસમય નૌકામાં દિન ને રાત તરું "

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન
**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * * * *


e-book

| | |
|---|---|
| Title | : Aarti |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 120 |
| Created | : December 1st 2012. |


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * * * *

## <u>પ્રસ્તાવના</u>



ભજનો જો સીધીસાદી શૈલીમાં, સરળ ને લોકભોગ્ય ભાષામાં, તથા ઝીલી-ઝીલાવી શકાય એવા સ્વરૂપમાં હોય તો જનતાને ગમે છે અને એમનો ઉપાડ ઘણો સારો થાય છે. મારા પ્રથમ ભજન-સંગ્રહ 'અંતરના આલાપ' ના સંબંધમાં એ હકીકત સાચી ઠરી. થોડા જ વખતમાં એની બીજી આવૃત્તિ 'યોગેશ્વરજીના ભજનો' નામે બહાર પાડવી પડી. ભજનરસિક જનતા સમક્ષ મારાં ભજનોનો આ બીજો સંગ્રહ રજૂ કરું છું. જનતા એને એવા જ ઉમળકાથી વધાવશે એવી આશા રાખું છું.

આ સંગ્રહનાં કેટલાંક ભજનો ખૂબ જ જૂનાં છે તો કેટલાંક નવાં છે. સાચું સાહિત્ય સદા દેશકાલાતીત તથા પ્રેરક હોય છે. એમાં જૂના-નવાના ભેદ મટી જાય છે. એ દ્રષ્ટિએ એ પ્રેરક બનશે એવું માનવું વધારે પડતું નથી જ.

**- યોગેશ્વર**

## સાધનાત્મક ફલશ્રુતિ

પ.પૂ. યોગેશ્વરજીનાં ભજનો આ અગાઉ પ્રગટ થઈ ચૂક્યાં છે. એમનાં ભજનો સરળ અને તેથી વિશેષ લોકભોગ્ય છે. એમણે ઘણા લાંબા સમય સુધી હિમાલયનાં એકાંત પ્રદેશ - દેવપ્રયાગમાં આધ્યાત્મિક સાધના કરી હતી. તે દરમ્યાન જે ભજનો લખાયાં હતાં તેમાંથી થોડાંક આ સંગ્રહમાં સ્થાન પામ્યાં છે.

સાધકને મન જીવન પણ એક સાધના જ છે. આધ્યાત્મિક સાધના કરનાર અનેક અનુભવોમાંથી પસાર થતો હોય છે. આ બધી ક્ષણો દિવ્ય આનંદની ક્ષણો હોય છે. આ જ ક્ષણોમાં હૃદયમાં અંતર્ભાવ જાગૃત બને છે. જાણે કે સર્વજ્ઞ શક્તિ ઝંકૃત બની ઊઠે છે. ત્યારે સાધકને મંત્રશક્તિનો કે કવિતા શક્તિનો સૂક્ષ્મ અનુભવ થાય છે. આ પ્રસંગે હૃદય ભક્તિભાવથી આર્દ્ર બની ગયેલું હોય છે. આનંદ હૃદયમાં સમાતો નથી. પ્રભુ તરફ પ્રવાહિત બનવા હૃદય જાણે કે મથતું હોય છે. આ મંથનને આપણે શું કહીશું ?

તનનાં બારણા બંધ કરીને મનના દ્વાર ઉઘાડો !
સૂર બધાયે ભંગ કરીને મંગલ સૂર જગાડો !

મન બહિર્મુખ હોય તો ન ચાલે. અંતર્મુખ બને તો જ આધ્યાત્મિક આનંદ મળી શકે. બહિર્મુખ મટીને અંતર્મુખ બનવું એ સાધનાનો મંથનકાળ આ લીટીમાં વ્યક્ત થયો છે. એને ગમે તે નામ આપીએ તો પણ એટલું તો ખરું કે આ મંથનકાળ મધુર હોય છે. હૃદય આંદોલિત થાય છે. આ આંદોલનો ખૂબ જ ગતિશીલ હોય છે. તેથી એવા આંદોલનો વૈખરીનું રૂપ ધારણ કરી સ્થૂળ જગતમાં જન્મ લીધા વિના રહી શકતાં નથી એવો સાધકને સ્પષ્ટ અનુભવ થાય છે. તેને આપણે શું કહીશું ? ભજનો કહીશું ? અંતર્નાદ કહીશું ? જે કહેવું હોય તે કહો, પણ એટલું તો કબૂલ કરવું જ પડશે કે મનની ઊંચી અવસ્થામાં આનંદનો જે અનુભવ થાય છે તે એટલો તો વ્યાપક હોય છે કે તેને ભાષાનું સાધન ઓછું લાગે છે. તે આનંદના શતાંશ ભાગ જેટલો પણ આનંદ જો વૈખરી વાણી દ્વારા પ્રગટ થઈ શકે તો ભાષાનું સાધન કામિયાબ નીવડ્યું ગણાય.

આધ્યાત્મિક અનુભૂતિની અભિવ્યક્તિ સરળ હોય, સચોટ હોય અને છતાં સરસ હોય તો તેમાં સાધનની સફળતા મળેલી ગણાય. થોડી પણ આધ્યાત્મિક પ્રગતિ થાય અને પછી સ્વ-સ્વરૂપની પહેચાન થાય તો કેવી ખુમારી પ્રગટે છે તે જુઓ.

"સિંહબાલ તું અજા બનીને નિર્બલ શાને ફરે ?"

એવી ખુમારી હોય પણ શ્રદ્ધા ન હોય અને તે પણ પરમશક્તિમાં અનન્ય શ્રદ્ધા ન હોય તો સિદ્ધિની આશા રાખી શકાય નહિ. શ્રદ્ધાની જાગૃતિ પછી જ સંપૂર્ણ શરણાગતિનો ભાવ જાગે છે.

" છે સારથિ પદ સોંપ્યું તમને,
પછી ચિંતા થાય જરાયે નહિ. "

એ માટે સમર્પણ ભાવ કેવો જાગે છે તે પણ જુઓઃ —

" આરતી અંતર તણી ઉતારી,
પ્રાણ તણું નૈવેદ્ય ધરું છું. "

આ તો આધ્યાત્મિક તરસ કહેવાય. અનેરી લગની લાગે ત્યારે એવી તરસ લાગે, એની મઝા પણ કાંઈ ઓર જ હોય છે.

"નિશદિન તલસ્યા કરે તમોને,
રોમ રોમમાં વીણા વાગી
પ્યાસ પ્રચંડ પુરાતન લાગી ! "

તથા

"કૃપા વર્ષણે પ્યાસ શમાવી,
પ્રકાશથી મુજ પ્રાણ ભરી દો ! "

આવી લગનીને બહુજન સમાજ ભક્તિ તરીકે ઓળખે છે. આ ભક્તિને યોગેશ્વરજી કામધેનુ કહે છે : 'જેને યોગી તપસ્વી ઝંખતા' એવી ભક્તિની એ કામધેનુ છે.

"જેને પામીને પામવાનું ના રહે
જેથી બીજો રહે ના લાભ
ભક્તિ એવી આપો મને. "

આ ભક્તિની કામધેનુ પણ કેટલાં સુંદર અને સરસ શબ્દોમાં વ્યાખ્યા પામી છે તે જુઓ.

"અંગાંગ મહીં અંગારા જાણે ઉઠ્યા,
તરસ મટે ના કેમે કરતાં પ્રાણની;
વ્યાકુલ મનડું એક જ જાપ જપ્યા કરે,
બીજી વાત ન દીસે કોઈ કામની;
સજ્જન સઘળા એને ભક્તિ જાણજો ! "

'भवत्येक नीडं' વાળા સંસ્કૃત શ્લોકને યાદ અપાવે એવી પ્રાર્થનામાં વ્યક્ત થયેલો ભાવ કેટલો વ્યાપક અને મહાન છે —

"પાંચ ખંડ પૃથ્વી એક ઘર જેવી થાય,
આરાધના માનવીની પ્રભુ પાસે જાય;
પ્રકૃતિ પુરૂષ સોહે એક તો કેવા
અંતર પ્રાર્થે છે દિન આવજો એવા ! "

પરંતુ આવાં ભજનોનું મહત્વ શું ? સાહિત્યિક મૂલ્ય કેટલું ? સાહિત્યિક મૂલ્ય હોય તો જ ભજનોનું મહત્વ હોય છે એવું કહી શકાતું નથી. જે આધ્યાત્મિક સાધક છે તેને એમાંથી સારા પ્રમાણમાં પ્રેરણાત્મક ભાથું મળી રહે છે. સાધકને જેટલું મૂલ્ય છે તેટલું કદાચ સાહિત્યકારને ન પણ હોય પરંતુ આવા ભજનોનું લોક દ્રષ્ટિએ પણ આગવું મહત્વ તો છે જ. લોકો સરળતાથી ગાઈ શકે, ગવડાવી શકે અને પ્રભુનું ગુણગાન કરી શકે એવી સામગ્રી તો એમાં છે જ. તો પછી ભજનોને નિયમોના સ્થૂળ બંધનોથી કસી જોવા શા માટે પ્રયત્ન કરવો જોઈએ ? કસી જોવા પ્રયત્ન કરનાર શું પામશે ? પ્રજ્ઞાવાદ તર્કને જ સંતોષ આપી શકશે; જે તર્ક દિવ્ય આનંદની ક્ષણોને જન્માવવામાં જરા પણ ઉપયોગી થતો નથી. આરત અને શ્રદ્ધા જ સાધનાત્મક જીવનના પરિબળો છે, તર્ક નહીં.

આ ભજનોની ખરેખરી મઝા માણવી હોય તો એ ભજનોમાં રહેલો ગુપ્ત, દિવ્ય રસાન્વિત લયનો અનુભવ કરવો જરૂરી છે. આ અનુભવ એ ભજનોને ભાવપૂર્વક ગાવામાં આવે તો જ થાય. આ દ્રષ્ટિએ કાવ્યજ્ઞની કવિતા કરતાં સાધકની કવિતા તરીકે આ ભજન સંગ્રહને મૂલવવો જોઈએ.

સાધનાત્મક જીવનની ફલશ્રુતિ રૂપે 'આરતી' ભજન સંગ્રહને આવકારતાં સાનંદ ગર્વ અનુભવું છું.

**- ઈશ્વરભાઈ પટેલ ‘પરમાર્થી’**
કપુરા (તા. વ્યારા)
તા. ૧૪-૧-૧૯૭૯.


## અનુક્રમણિકા

૧. પ્રાર્થના
૨. જીવન
૩. ભક્તિની કામના
૪. પ્રભુને
૫. લે હરિનું નામ
૬. આવો તો
૭. પ્રેમનો મહિમા
૮. ચેતવણી
૯. શાંતિનું ગીત
૧૦. શરણ વિના
૧૧. ભજન કરી લે
૧૨. ધૂન
૧૩. દિલડાનો દરબાર
૧૪. રસાયન
૧૫. રંગ
૧૬. અંબે માત
૧૭. માટીના માનવ
૧૮. સંત
૧૯. મેઘને
૨૦. રંક કેટલા તાર્યા
૨૧. ભરોસો
૨૨. માનવીને
૨૩. હરિનામ
૨૪. ભિક્ષા
૨૫. કલિયુગ
૨૬. ભક્તિ
૨૭. નમન
૨૮. જાગૃતિ
૨૯. પ્રભુ પર છોડી દે
૩૦. પ્યાસ
૩૧. માર્યો રાવણને
૩૨. વિજય જીવન
૩૩. મા નું મુખ
૩૪. મા ને
૩૫. યાદ
૩૬. પ્રાર્થના
૩૭. બે દિનના મહેમાન
૩૮. આશા
૩૯. કૃપા કરી દો
૪૦. તમે મારું
૪૧. હોળી
૪૨. મા નું નામ
૪૩. જોયા રોજ કરું
૪૪. સ્વરૂપ.
૪૫. ગોવિંદની કર પ્રીત
૪૬. શરણનું સુખ
૪૭. સારથિપદ
૪૮. કેમ કરો છો વાર
૪૯. નચિકેતાને
૫૦. વૈરાગ્ય
૫૧. શ્રેય અને પ્રેય
૫૨. ભાગવતની ફલશ્રુતિ
૫૩. કોઈ નથી.
૫૪. રક્ષા કરો
૫૫. અગર હો શાંતિની ઈચ્છા
૫૬. સાધન
૫૭. સ્વર્ગ લોક
૫૮. વિશ્વપતિનું પ્રાકટ્ય
૫૯. પ્રાર્થના
૬૦. શાંતિનો ઉપાય
૬૧. શરણું લઈ લે
૬૨. જ્યોતિ
૬૩. ભવસાગરથી તારે
૬૪. ગાઈએ ને ગવડાવીએ
૬૫. મહિમા
૬૬. નિર્ગુણ અને સગુણ
૬૭. મન મથુરા
૬૮. પરમાત્માને જાણે
૬૯. યગન
૭૦. સર્વાત્મ દર્શન
૭૧. ત્યારે પણ
૭૨. ભાવના
૭૩. ધૂન
૭૪. રામને
૭૫. યાદ
૭૬. ભક્તિ
૭૭. કેમ કરીને કહું
૭૮. પ્રવાસીને
૭૯. આખરે
૮૦. આમંત્રણ
૮૧. ભક્તિ
૮૨. પ્રભુ કેમ મળે
૮૩. ચહવા કાજ ચહું
૮૪. તમારે માટે
૮૫. જોતાં વેંત જ
૮૬. સંકલ્પ
૮૭. મહેલ વાળાને

૮૮. તમારા રૂપ પર
૮૯. માછલું
૯૦. મુખડું મધુરૂં
૯૧. મોહ
૯૨. પ્રાર્થના
૯૩. દાન
૯૪. દેવીને
૯૫. ભેદ
૯૬. તમારા મુખમાં
૯૭. શાંતિ
૯૮. ના તલસાવો
૯૯. સમર્થને
૧૦૦ અરજ
૧૦૧. કેમ કરી માને
૧૦૨. કદી
૧૦૩. પ્રાર્થના
૧૦૪. રામકૃષ્ણદેવની સ્તુતિ
૧૦૫. મા શારદાદેવીની સ્તુતિ

* * * * *

## <u>અમર સંદેશ</u>



**(૧) પ્રાર્થના**

તનનાં બારણાં બંધ કરીને મનના દ્વાર ઉઘાડો !
સૂર બધાયે ભંગ કરીને મંગલ સૂર જગાડો ! ... તનનાં.

જીવનમાં અંધાર છવાયા, ઝેર તણી જે વ્યાપી જ્વાલા,
અમૃત સ્પર્શે તેને ઠારો, પ્રકાશ ત્યાં પ્રકટાવો ! ... તનનાં.

પ્રેમવિહોણું હૈયું તેને જાહ્ નવી બનીને પલાળો,
બીન પ્રાણનું ગીત વિહોણું, ગીત તમારું જગાવો ! ... તનનાં.

એક તાનમાં જીવન મારું બની જાય તન્મય રઢિયાળું,
રોમરોમમાં દિવ્ય તમારું સ્વરૂપ જાગે તે જ નિહાળું ! .. તનનાં.

એ જ કામના મારી આજે, પ્રેમ પ્રદીપ જગાવો,
પરમ પવિત્ર પ્રકાશે એના મારું દૈન્ય જલાવો ! ... તનનાં.

* * *

**(૨) જીવન**

જોને જરી વિચારી આજ, મોંઘું જીવન ચાલે છે !

દિવસે દિવસે થાયે ખાલી, તારી જીવન અમૃત પ્યાલી,
તેને સ્વાદ લઈને મ્હાલી, મોંઘું જીવન ચાલે છે ! ... જોને.

દુર્લભ દેવોને આ કાયા, એવા એના ગુણ ગવાયા,
એથી કૈંયે પ્રભુને પાયા; મોંઘું જીવન ચાલે છે ! ... જોને.

આ સંસાર તણી છે શાળા, મનની ફેરવ એમાં માળા,
સર્વે દળદર મટશે તારાં, મોંઘું જીવન ચાલે છે ! ... જોને.

સત્ય દયા ને સેવા ભજને, કૂડા વિકાર મનના તજને,
સાચો બન મન-કર્મે-વચને; મોંઘું જીવન ચાલે છે ! ... જોને.

આવી કંચન જેવી કાયા, એથી તોડી બંધન તાળાં,
મેળવ શાશ્વત શાંતિ ધારા, મોંઘું જીવન ચાલે છે ! ... જોને.

'પાગલ' પ્રભુની પાછળ બનતાં, પ્રભુને શ્વાસે શ્વાસે જપતાં,
કરજે દર્શન પ્રેમે તપતાં, મોંઘું જીવન ચાલે છે ! ... જોને.

* * *

### (૩) ભક્તિની કામના

જેને કામધેનુ જેમ સિદ્ધ સેવતા રે,
જેનો મહિમા વેદોમાં વંચાય,
ભક્તિ એવી આપો મને !

જેને યોગી તપસ્વી ઝંખતા રે,
વર્ણવ્યો છે પુરાણે પ્રતાપ,
ભક્તિ એવી આપો મને !

રિદ્ધિ સિદ્ધિ દાસી બનીને રહે રે,
મુક્તિ જોડે આઠે પહોર હાથ,
ભક્તિ એવી આપો મને !



જેને પામીને પામવાનું ના રહે રે,
જેથી બીજો રહે ના લાભ,
ભક્તિ એવી આપો મને !

પૂર્ણ આનંદ ઓઘ સદા ઊછળે રે,
શાંતિ ભૂલેચૂકે ના ભંગાય,
ભક્તિ એવી આપો મને !

રૂપ મંગલ તમારું નિહાળ્યા કરું રે,
સ્વપ્નમાંયે રહે તમારું ધ્યાન,
ભક્તિ એવી આપો મને !

ભક્તિ એવી મળે છે બડભાગને રે,
આપવાને ચાહો તો વરદાન,
ભક્તિ એવી આપો મને !

કહ્યું શાસ્ત્રે માનવ તન દોહ્યલું રે,
તેને કરવા સફળ ખરે આજ,
ભક્તિ એવી આપો મને !

* * *

### (૪) પ્રભુને

પ્રેમે દર્શન આપે તું તેમાં તારું જાયે શું ?
મંગલ દર્શન આપે તું તેમાં તારું જાયે શું ? ... પ્રેમે.

પ્રેમીના પોકાર સુણી લે ને બોલે સામે,
શું જાયે ગદ્ ગદ્ તું બોલે જ્યાં કોઈ નામે ? ... પ્રેમે.

રોતાંનાં અશ્રુમાં તે શો ન્હાવાનો આનંદ ?
વ્યાકુલ વિરહે મરે તે સામે જોવું શું સાનંદ ? ... પ્રેમે.

ચાહે તેને મળી પ્રેમથી પૂર હૃદયની આશ,
સર્વસમર્થ, ન તેમાં તારો વૈભવ થાય ખલાસ ? ... પ્રેમે.

અંતર આતુર જીવે તારા દર્શનની ધૂનમાં,
તેની અરજી દયા કરી લે તુર્ત હવે મનમાં ? ... પ્રેમે.

* * *

## (૫) લે હરિનું નામ

લે હરિનું નામ, મનવા ! લે હરિનું નામ,
પૂર્ણ થાયે કામ, મનવા, લે હરિનું નામ.

સંકટો નાસે બધાં, નાસે અશાંતિ તમામ,
શાંતિનો વરસાદ વરસે, સુખતણું હો ધામ .. મનવા.

શ્વાસે શ્વાસે, દિવસે રાતે, લે હરિનું નામ,
કાળ કામ કરે હમેશાં, તુંય કરને કામ .. મનવા.

સુખ મહીં ને દુ:ખમાં તું લે હરિનું નામ,
બની જાશે કંચન પછી નામનો પી જામ .. મનવા.

હરિચરણમાં થઈ જા 'પાગલ' અને કૃતકામ,
પી સુધા હરિપ્રેમની ને અમર મેળવ ઠામ .. મનવા.

* * *

### (૬) આવો હવે તો

આવો હવે તો દાન આ દિલડાના દઉં !
તમારો હંમેશ માટે થઉં ! ... આવો હવે તો

કોની તે હૂંફ લઉં, એક તમારા વિના કોની પાસે હું જઉં ?
શીળી તે છાંયડી છોડીને શાને તીખા તડકાને લઉં ? ... આવો.

આવો તો પ્રેમથી પાય પખાળું, હોંશે હોંશે કૈં ગઉં,
ખીલે છે ફૂલડાં જેવાં આ, તેમ હું આવો તો ખીલી જઉં ... આવો.

વેળા વીતે છે મોંઘી આ મારી, કેમ કરી શાંતિ લઉં ?
આજે તો પ્રેમ કરી આવો સવેળા કેટલી વાર તે કહું ? ... આવો.

પૂજાની કોઈયે વિધિ ના જાણું, પ્રેમ છે મારે હૈયે બહુ,
'પાગલ' થૈ ચરણોમાં ઓવારી દઉં બધું, રાખો તેવો થઈ રહું! .. આવો.

* * *

### (૭) પ્રેમનો મહિમા

પ્રેમ વિના ના છૂટે, બંધન પ્રેમ વિના ના છૂટે.
લાખ ઉપાય ન તૂટે, બંધન પ્રેમ વિના ના છૂટે,
કૃપા કરી દે કૃપાળુ ત્યારે આપોઆપ જ તૂટે.

શોક મોહ ને મદની જ્વાલા, મમતા ને આસક્તિ તાળાં,
તૂટે ત્યારે પ્રેમ પ્રકાશે અંગ કરી અલોકિત સારાં,
લાખ ઉપાય ન તૂટે, બંધન પ્રેમ વિના ના છૂટે.

જ્ઞાન પ્રેમનો પ્રકાશ એક જ ભેદભાવને દૂર કરી દે,
અવિચલ શાંતિ દે આતમને, ભય ને મૃત્યુ ધૂળ કરી દે,
લાખ ઉપાય ન તૂટે, બંધન પ્રેમ વિના ના છૂટે.

પ્રેમે કરી તું જપજે એને, શ્વાસે શ્વાસે રટજે નેમે,
વિયોગ મીરાં નરસીં જેમ જ તરી જશે કેવલ તું પ્રેમે,
લાખ ઉપાય ન તૂટે, બંધન પ્રેમ વિના ના છૂટે.

*   *   *

## (૮) ચેતવણી

તારે ચેતવું હોય તો ચેતજે !
તારો જન્મ કૃતાર્થ કરી મેલજે ... તારે.

મહા મોંઘુ માનવ-તન આ મળ્યું
નહીં મુક્તિનો મારગ મેલજે ... તારે.

તારા દિલના અંધારને ભેદજે,
પ્રભુ કેરો પ્રકાશ ત્યાં રેલજે ... તારે.

તારી અંદર બહાર પ્રભુ છે રહ્યા,
જરી દૈવી દ્રષ્ટિથી દેખજે ... તારે.

નહીં આવે સંગાથ કોઈ છેવટે,
પુણ્ય-પાપનો વિચાર કરી મેલજે ... તારે.

જોજે જાયે પ્રમાદમાં કાળ આ,
રાતદિન તું નિર્લેપ-શો ખેલજે ... તારે.

જાય શરણાગત સ્નેહથી સુખી થઈ,
તારું દળદર જનમનું ફેડજે ... તારે.

* * *

## (૯) શાંતિનું ગીત

જો જીવન રસને ચાહે, શાંતિ માગે,
તું કરી લે પ્રભુભક્તિ.

જો જીવન મંગલ ચાહે તું,
અંતરના ક્રંદન ટાળે તું,
સુખ શાંતિરૂપ પ્રભુ માટે વાપર શક્તિ ....તું કરી લે.

તું એનું નામ પકડી લે,
એના પ્રેમે મન જકડી લે,
ભરને અંતરમાં એની કેવલ મસ્તી ....તું કરી લે.

પાણીનો તરસ્યો ચાહે છે,
ને ભૂખ્યો અનાજ માગે છે,
એ પ્રભુને માટે એમ તલસતાં મનથી ....તું કરી લે.



લે એનું રૂપ નિહાળી તું,
એ વિના હો નહીં ચેન કશું;
તન ને મનની મેળવવા માટે મુક્તિ ....તું કરી લે.

પ્રેમાર્દ્ર બની પોકાર કરી,
જલ્દી લેજે એને નિરખી;
જોજે એની કદિયે તજતો અનુરક્તિ ....તું કરી લે.

* * *

## (૧૦) શરણ વિના

પ્રભુના શરણ વિના કોઈ ભવને તરશે નહીં રે.

કામ ક્રોધ મમતાનાં જાળાં,
આસક્તિનાં બંધ રૂપાળાં,
પરમાત્માની કૃપા વિના ઢળશે નહીં રે ... પ્રભુના.

અશાંતિ આવરતી અંતરને,
ક્લેશ કોરતાં કોટિ મનને,
પ્રભુના પ્રેમ વિના એ ભંગ કદી બનશે નહીં રે ... પ્રભુના.

ધન વૈભવ ને ઉપભોગોમાં,
સ્વર્ગ સમા સુખમય લોકોમાં,
અમૃત તત્વતણી ધારા મળશે નહીં રે ... પ્રભુના.

કોટિ ઉપાય કરે જન કોઈ,
કલ્પ લગી જીવે છો સોઈ,
તેજ વિના તમનાં પડળો ટળશે નહીં રે ... પ્રભુના.

મૃગજલનું પાણી પીવાયે,
પર્વત ઊઠી જલમાં ન્હાયે,
તો પણ વ્યાધિ કૃપા વિના મટશે નહીં રે ... પ્રભુના.

શાશ્વત સ્નેહ કરી લે એને,
શરણાગતિને સેવ સનેહે,
કોડ બધા તારાં બીજા પૂરશે નહીં રે ... પ્રભુના.

* * *

## (૧૧) ભજન કરી લે

કામ ક્રોધને દૂર કરીને પ્રભુનું ભજન કરી લે,
માર બધી મમતા જગની ને મોહ-તમિસ્ત્ર હરી લે .. કામ ક્રોધને.

આસક્તિનો આણ અંત ને વિવેક પૂર્ણ કરી લે,
શમદમનાં સાધન આચર ને જ્ઞાન પ્રકાશ ભરી લે .. કામ ક્રોધને.

પ્રેમ સુધાને ઘોળી ઘોળી પીને મસ્ત બની લે,
રોમ રોમમાં રાગ જગાવી પ્રભુથી પ્રાણ વણી લે. .. કામ ક્રોધને.

અંધકારમાં ડૂબ નહીં રે, મૃગજલને તું તજી દે,
નશ્વર પાછળ દોડ નહીં, તું અમૃત તત્વ ભજી લે .. કામ ક્રોધને.

મોંઘો આ સંદેશ સુણીને પ્રભુથી પ્રેમ કરી લે,
સાક્ષાત થશે દર્શન તુજને નક્કી એ સમજી લે .. કામ ક્રોધને.

પ્રભુ પાછળ 'પાગલ' બન પ્રેમે, પ્રભુનું ધ્યાન ધરી લે,
પરમાનંદ મગન બનવાને પ્રભુને ફક્ત વરી લે .. કામ ક્રોધને.

* * *

**(૧૨) ધૂન**

નથી કૈં યોગ્યતા મારી, મને દર્શનતણી ધૂન છે,
રટે છે જિંદગી સારી, મને દર્શનતણી ધૂન છે.

ઊઠે છે રોમમાં રવ આ, મને દર્શન તણી ધૂન છે,
બજે છે અંતર સિતારી, મને દર્શન તણી ધૂન છે.

નથી તપ વ્રત તણી શક્તિ, મને ના જ્ઞાનની ગમ છે,
ન જાણું મંત્ર ને તંત્રે, ખબર પણ ધ્યાનની કમ છે.

હૃદયમાં છે છતાં સાચે, મને દર્શન તણી ધૂન છે,
નયનમાં પ્રાણ આલાપે, મને દર્શન તણી ધૂન છે.

બની 'પાગલ' લઈ લો ધ્યાનમાં અરજી હવે મારી,
બનો માલિક તમારે કાજ મિલ્કત આ ધરી સારી.

નથી ફરિયાદ કૈં મારી સુણો તો આટલી બૂમ છે,
નથી કૈં યોગ્યતા મારી, મને દર્શન તણી ધૂન છે.

* * *

## (૧૩) દિલડાનો દરબાર

એ એજ મારા દિલડાનો દરબાર !
મોર મુકુટ જેણે પહેર્યું પીતાંબર,
કંઠે વૈજયન્તી માળ ....એ એજ.

મધુરી શી મોરલીથી મોહી રહ્યો,
બધાંને, કાળનો યે બન્યો જે કાળ,
ત્રિભુવનને તારનારો પ્રેમે પલાળનારો,
મારી લેજો સંભાળ. ....એ એજ.

વ્રજનો કનૈયો કાળો કામણગારો,
જેણે ગોપી સાથે કરેલો પ્યાર,
ભક્તન આધાર એવો, શોભા સ્વરૂપ જેવો,
વેગે આવજો મારી વ્હાર. ....એ એજ.

રોમે રોમે રમો એ, દ્દગમાંહી યે વસો એ,
એની કૃપા રહો અપાર,
પ્રાણને પ્રેમ થકી પલાળી હંમેશ,
દો એ સારાયે સંસારનો સાર. ....એ એજ.

* * *

**(૧૪) રસાયન**

હરિનું નામ રસાયન સાચું સેવી લે ભાઈ રે,
તન ને મન અંતરની સૌ પીડા રે ના કાંઈ રે.

યોગ જ્ઞાન ને ધ્યાનનો સાર, આ પ્રેમનો મારગ રે,
એનો પાંથ બની જા તું, સધાયે સ્વારથ રે.

બની વ્યાકુલ પ્રેમે પોકાર હરિને દિલથી રે,
દોડી આવશે તારી પાસ સુણી તારી વિનતી રે.

નામ એક જ સાધન સાચું મુક્તિ મારગનું રે,
બીજું સાધન કાચું કહ્યું, નથી ખરે ખપનું રે.

તાર્યા શબરી વિભીષણ નામે, તને પણ તારશે રે,
હરિચરણોનો દાસ બન્યે ચાહે તે પામશે રે.

જાય વેગથી જીવન મોંઘું સુધારી લે બાજી રે,
નામ રસમાં ડૂબી જા તો પ્રભુજી થાય રાજી રે.

* * *

## (૧૫) રંગ

હરિ નામને ગાવાનો મને રંગ લાગ્યો.
હરિ પ્રેમમાં ન્હાવાનો મને રંગ લાગ્યો

હરિનામ સાંભળીને મારો પ્રાણ છે જાગ્યો,
પ્રાણ છે જાગ્યો, મને સ્વાદ છે લાગ્યો
... હરિ નામને.

રસ એના જેવો ના ક્યાંય લાગ્યો,
મેં તો જનમોજનમ એ રસ માગ્યો
.. હરિ નામને.

નથી ઈન્દ્ર-કુબેરે એ રસ ચાખ્યો,
એ તો પલટાવી દે પ્રાણને આખો
... હરિ નામને.

મારા રોમરોમમાં હરિનો પ્રેમ પાક્યો,
રસ બીજો મેં તો સિંધુમાં નાંખ્યો
... હરિ નામને.

જીભ મારી કરે હરિની વાતો,
રૂપ દેખે એનું રોજ આ આંખો
... હરિ નામને.

મારે હૈયે પડાવ પ્રભુએ નાંખ્યો,
એ તો લ્હાવો મળ્યો મને વણમાગ્યો
... હરિ નામને.

હરિપ્રેમમાં હું 'પાગલ' થઈને નાચ્યો,
ત્રણે તાપ થયા દૂર મારો ભય તો ભાગ્યો
... હરિ નામને.

* * *

## (૧૬) જય અંબે માત ભવાની

જય અંબે માત ભવાની !
ત્રિપુરા દુર્ગા હે મા કાલી ! અનંત-નામ અનામી ... જય અંબે.

પ્રેમ તમારો વરસાવી દો, વિનતી મારી માની,
દર્શનનું દો દાન નયનને, કહું ખરાં તો દાની ... જય અંબે.

બાલ તમારો પ્યાસી બેઠો, મિથ્યા બીજા પાણી,
પ્રેમતણું પય પાઓ મુજને, અંતરની ગત જાણી ... જય અંબે.

અક્ષય અમૃતનાં ઓ વાસી, બોલો અમૃતવાણી,
નશો ચડાવો પ્રેમ ભક્તિનો, પ્રેમ થકી લો તાણી ... જય અંબે.

હ્રદયમહીં ફક્ત તમે રાજો, ખેલો ઘટઘટ માંહી,
તમારા વિના બધું ભૂલાવો, ઢોળી કૃપાનું પાણી ... જય અંબે.

પ્રેમે પ્રાર્થું કર બે જોડી, યાચું અન્ય ન કાંઈ,
તમે જુઓ મુજને ને તમને રહું સદાય નિહાળી ... જય અંબે.

* * *

## (૧૭) માટીના માનવ

માટીના માનવ એવું જીવન જીવી જા !
તૂટેલાં હૈયાં સ્નેહની સોયે સીવી જા ... માટીના માનવ.

અવનીની આ અનોખી વાટિકામાં તું આવ્યો, ઉત્તમ એવા દેશમાં,
મુરઝાયાં કૈં કૈંના જીવનને ખીલવીને પૂરેપૂરો ખીલી જા ... માટીના.

માટીમાંથી થયો તું, માટીમાંહે જવાનો, માટી માંહી રહે છે હા,
એ માટીમાંથી તારા કંચનને શોધી કાઢી, અમુલખ એવો બનીને જા .. માટીના.

સરિતાની જેમ તારાં સ્વર્ગીય સોણલાંને, જોતો જોતો વહી જા,
પ્યાસ બુઝાવી જા તું પ્યાસીની, તેમ પેલાં, મૂંગાં ને ગવરાવી ગા .. માટીના.

ઝાડની જેમ શીળી છાયા બની જા કો'ની, કો'નો દિલાસો થા;
જીવતાં છાયા આપી અંતે કોઈને માટે, પ્રેમે ભલેને જલી જા .. માટીના.

કાળાં ધોળાં કરે કૈં અનરથ કામો કરીને, કુળને લજાવે છે કૈં;
નિર્મલ બનીને બીજા સેવા સૌની કરે છે, બીજાને દુઃખે દુઃખી થૈ .. માટીના.

કૈંકનાં આંસુ લૂછે, કૈંના આધાર થાયે, બદલામાં માગે કૈંયેના,
તેવું જીવી જનેતા તેમ જ આ જિંદગીને, ધન્ય ધન્ય કરીને જા .. માટીના.

તારી શક્તિ ને વિદ્યા દુનિયાનો વારસો છે, જીવન છે થાપણ જગની આ,
એવી રીતે તો વાપર મિલ્કત મોંઘી કે, ગૌરવ બધાનું બની જા .. માટીના.

કૈંક મરે છે ત્યારે હાશ કરે છે લોકો, કૈંને રડાવી તું જા;
માનવથી દેવ થા ને પ્રવાસી પૂરો થઈને, મૃત્યુને મારી નાખી જા .. માટીના.

શોક ને મોહ તેમ જ નિરાશાને મારી નાખી, પ્રેમી આનંદી બની જા;
અંધારાં આંખનાં આ હઠાવી દઈને 'પાગલ', સૌનીયે જ્યોતિ થઈ જા .. માટીના.

* * *

**(૧૮) સંત**

મને એવા સંત બનાવો
એનું દર્શન દઈને નચાવો ... મને એવા.

પ્રેમ તમારો પ્રાણ જેનો એવા સંત બતાવો,
તમને પામી જે બડભાગી તેને આજ બતાવો ... મને.

એવા સંતના શુભ દર્શનથી પ્રેમ પિયાલો પિલાવો,
રગરગમાં જેની રાગ તમારો, એવા મહારથી બતાવો..મને.

ભય કે દ્વેષ મને ના જેમાં એની પ્રીત કરાવો;
સચરાચરમાં પ્રભુને પેખે એવા સંત બતાવો ... મને.

કામ ક્રોધને જીત્યા જેણે જીત્યા દુષ્ટ વિકારો;
મનના માલિક બની ગયા જે તેની ભેટ કરાવો ... મને.

તપ્ત હૃદયની છાયા જેવા પારસમણી બતાવો;
સુરદુર્લભ એનાં દર્શનથી બંધન વ્યાધિ હઠાવો ... મને.

* * *

## (૧૯) મેઘને

ઓ મેઘ, મારો સંદેશો આટલો કહે !
        તું એને જરી પ્રેમ કરીને કહે; ... ઓ મેઘ.

કેટ કેટલા દિનોથી એની જ યાદ મહીં
        જીવન મારું વહે;
ઝરણાંની જેમ જાયે જીવન મારું,
        એની કથાને કહે ... ઓ મેઘ.

વરસે વરસાદ જેવો મીઠો અનંત ધારે,
        આનંદ પૃથ્વી લહે;
તેવી કૃપા તેની વરસે જીવનમહીં,
        મારા વતી એને કહે ... ઓ મેઘ.



પ્રાણ લગી હું એની પૂજા કરીશ એને
        એવું જઈને કહે;
મંગલ લાવી દે વરદાન રે એનું હૈયું
        મારા વિના ન રહે ! ... ઓ મેઘ.

*  *  *

## (૨૦) રંક કેટલા તાર્યા

તમે રંક કેટલાં તાર્યા, તમે રંક કેટલાં તાર્યા !

અધમ તણો ઉદ્ધાર કર્યો ને બગડ્યા કૈંક સુધાર્યા;
દુર્બલની દુર્બલતા ટાળી ડુબ્યા કૈંક ઉગાર્યા ... તમે.

પાપીનાં પરહર્યા પાપને કૈંનાં દુઃખ વિદાર્યા;
આંસુ કૈંકનાં લુછ્યાં કૈંનાં જીવન વળી ઉજાળ્યાં ... તમે.

રડતાંને તો તમે હસાવ્યાં, હસતાં તેને નચાવ્યાં;
દરિદ્રને વૈભવ આપ્યા ને જડથી કાવ્ય રચાવ્યાં ... તમે.

અજામીલ ને ગીધ વ્યાધને એવાં કૈં કૈં તાર્યા;
શરણે આવેલાંને પાળ્યાં, દુષ્ટ જનોને માર્યા ... તમે.

'પાગલ' બન્યો છતાંય પુકારો સુણો કેમ ના મારા;
મને તારતાં બગડી શું જશે, ગુણને ગાઉં તમારા ! ... તમે.

* * *

**(૨૧) ભરોસો**

તારો ભરોસો મને ભારી ઓ ભૂધરા, તારો ભરોસો મને ભારી,
શ્રદ્ધા છૂટે ના મારી ઓ ભૂધરા, તારો ભરોસો મને ભારી.

સંસાર સાગરમાં જીવનની હોડી,
તારે આધાર મેં છેવટની છોડી,
લેજે હવે તો ઉગારી ઓ ભૂધરા ... તારો ભરોસો મને.

આશાનો તાર મારો કો'દિ ના તૂટે,
શ્રદ્ધા ને પ્રેમગાન કો'દિ ના ખૂટે,
અરજી સુણી લેજે મારી ઓ ભૂધરા ... તારો ભરોસો મને.

કોનું શરણ લઉં કે'ને સંસારમાં,
ઉગારી કોણ લે જીવન સંહારમાં ?
ઝાલી છે બાંય મેં તારી ઓ ભૂધરા ... તારો ભરોસો મને.

સંસાર તાપમાં તું એક છાંયડી,
રોનારા બાલની તું એક માવડી;
અમૃતની પ્યાલી સારી ઓ ભૂધરા ... તારો ભરોસો મને.

તુજને છોડીને જે બીજાને ચ્હાશે,
દુઃખદર્દ પોતાનાં બીજાથી ગાશે;
પસ્તાશે તે નરનારી; ઓ ભૂધરા ... તારો ભરોસો મને.

સ્વપ્ને તેમ જાગરણે, નગરે હોઉં કે વને,
જોઉં સદાય તને, જાઉં ના કોઈ કને;
આશિષ આપ એ ભારી; ઓ ભૂધરા ... તારો ભરોસો મને.

આગળથી રક્ષજે ને પાછળથી રક્ષજે,
ભેદ તેમ અજ્ઞાન મારું તું ભક્ષજે;
લેજે વિના વિલંબ તારી, ઓ ભૂધરા ... તારો ભરોસો મને.

* * *

## (૨૨) માનવીને

માનવી, કેમ દુઃખથી ડરે,
સુખ તણો સાગર જો ઊછળે !

શોકિત થાયે, તપે તાપથી, સંકટથી કાં ડરે;
ભયભીત બને, રોવે શાને, શાને ચિંતા કરે ... માનવી.

ઉલ્લાસ તજે છેક જ શાને, આશાને પરહરે ?
અમૃત ફલ જેવું જીવન આ, વિષમય શાને કરે? .. માનવી.

મૃત્યુનો ભય જન્મ જરાનો, ભય શું હૈયે ધરે,
સિંહ બાલ તું અજા બનીને, નિર્બળ શાને ફરે ? ... માનવી.

નામતણું મુક્તાફલ સેવ્યે, દૈન્ય બધુંય ટળે;
પ્રેમતરૂને સેવી લે તું, ફલ ને છાયા મળે ... માનવી.

ભવસાગર સંકટ સાગર છે, દુસ્તર કહ્યો ખરે;
પ્રભુના પ્રેમે ‘પાગલ’ થાયે, તે પણ તેને તરે ... માનવી.

* * *

**(૨૩) હરિનામ**

આજ બધા ભાવે ભજો હરિ નામને રે,
હરિ નામ સર્વે શાસ્ત્રોનો સાર ... આજ

આજ બધાં ભાવે જપો હરિ નામને રે,
હરિ નામ સર્વે યજ્ઞોનો સાર ... આજ.

તારવાની શક્તિ બધી હરિ નામમાં રે,
ભાવ કર્યે તારી દેશે ભવ પાર ... આજ.

યોગ જ્ઞાન ધ્યાનની ચિંતા નથી હવે રે,
જીતાય નામને પ્રભાવે કાળ ... આજ.

અંતરમાં આણી ઉમંગ લો નામને રે,
ચિત્તને નામોમાં કરો એક તાર ... આજ.

જાત પાત રંક રાયના ભેદ ના રહે રે,
ભાવે ભજો સૃષ્ટિના સરજનહાર ... આજ.

અંતરમાં કોઈ વિકાર જો જો ના રહે રે,
લ્હાવ પછી લેવાશે પ્રેમથી અપાર ... આજ.

હરક્ષણ ડૂબો પ્રેમે હરિ નામમાં રે,
એ જ બનો જીવનનો એક સાર ... આજ.

વાલ્મિક ધ્રુવજી નારદ નામથી તર્યા રે,
તાપ ત્રય તેમ જ બધાં તરનાર ... આજ.

* * *

### (૨૪) ભિક્ષા

તમે કરૂણા કરો, બાળકની પર કરૂણા કરો,
કૃપા વર્ષા કરો, બાળ પરે કૃપા વર્ષા કરો.

તમે 'મા'નું બિરદ મધુરૂં ધાર્યું,
શું દુઃખ ન બાલતણું ટાળ્યું;
તમે ખ્યાલ કરો એનો ખ્યાલ કરો ... બાળકની પર.

તમે પતિત પાવની કહેવાઓ,
તારો ક્ષણ માંહી જો ચાહો;
તોયે વાર કરો કેમ વાર કરો ... બાળકની પર.

તમે અમૃતદાત્રી જગદંબા,
છો પ્રેમતણાં કેવલ ગંગા;
તો ધાર કરો પયધાર કરો ... બાળકની પર.

જે શરણ તમારે આવે છે,
તે સુખ સર્વપણે પાવે છે;
તે સિદ્ધ કરો આજે સાર્થ કરો ... બાળકની પર.

વરસાવી કૃપા મને તારો,
આ વિરહ વેદનાને મારો;
આ ટાળો તાપ બધા ટાળો ... બાળકની પર.

* * *

## (૨૫) કલિયુગ

કલિયુગ સર્વ યુગોમાં ન્યારો.

પંડિત છોને કહે ભયંકર, સૌ યુગથી છે સારો;
બહારથી બેહાલ છતાંયે, અંદર ખૂબ રૂપાળો ... કલિયુગ

સતયુગ ત્રેતા દ્વાપર કરતાં, બિલકુલ નથી નઠારો;
સ્વલ્પ સાધને શાંતિ-મુક્તિ દે, કરતાં જ્ઞાન ઝગારો ... કલિયુગ

શરણ લઈ લો પરમાત્માનું, તેમ દયાવ્રત પાળો;
સ્મરણ મનનમાં મગ્ન બનો તો, આત્મ તરત ઉદ્ધારો... કલિયુગ

કટુતા ને કંકાસ વ્યસનથી, પ્રાણ સદાય ઉગારો;
તો તો તરતાં વાર ન લાગે, વિષયો પર ના વારો ... કલિયુગ

નિર્મળ મનમાં પ્રેમ જગાવો, આવે ભ્રમનો આરો;
થોડા શ્રમથી વધુ ફળ પામો, પામો દિવ્ય કિનારો ... કલિયુગ

નથી થયો આવો યુગ કોઈ, નિયમ બરાબર પાળો;
પવિત્ર પળપળના પુરૂષાર્થે, જીવન પૂર્ણ ઉજાળો ... કલિયુગ

* * *

## (૨૬) ભક્તિ

ભક્તિ કામધેનુ છે ભાઈ !

સેવન કરતાં સૌ ફળ આપે, સર્વકાળ સુખદાયી;
મનોરથ બધા પૂર્ણ કરી દે, મંગલમય છે માઈ ... ભક્તિ.

અખૂટ અમૃતની છે સરિતા, સ્નાન કરી લે ભાઈ !
તન મન અંતરને અજવાળે! મમતા મદ દે મારી .. ભક્તિ

જડ કાજે પણ જીવનદાયક, છે અક્ષય ધન ભાઈ !
ધન્ય થયા કૈં સેવી એને, સુખમાં ગયા સમાઈ ... ભક્તિ.

વેદ વખાણે કેમ કરીને, શાસ્ત્ર જાય અકળાઈ;
શેષ શારદા સંતન હારે, શોભા દેખી ભારી ... ભક્તિ.

સ્વલ્પ કરે સેવા તેના પર, જાય ખરેખર વારી;
'પાગલ' તેની પાછળ ફરતા, પ્રભુયે હૈયું હારી ... ભક્તિ.


* * *

**(૨૭) નમન**

સંત શિરોમણિ, નમન કરું છું !

ભાવ ભક્તિની ભેટ ધરીને,
અર્પણ અંતર આજ કરું છું;
આરતી અંતર તણી ઉતારી,
પ્રાણ તણું નૈવેદ્ય ધરું છું ... સંત શિરોમણિ.

દીપશિખા શ્રદ્ધાની સોહે,
સ્વરૂપમાં મન મારું મોહે;
સ્તવન આંસુનું અર્પણ કરતાં,
અંતરમાં અનુરાગ ભરું છું ... સંત શિરોમણિ.



દિવસ વેગથી જાયે દોડી,
દિવસ રાત ને ઋતુની જોડી;
અનિત્ય જીવનમાં નિત્ય તમે,
અર્ઘ્ય ચરણમાં આજ ધરું છું ... સંત શિરોમણિ.

કૃપા તમારી થાય સદાયે,
નયન સમીપ રહે નિત 'મા'એ;
એ જ કામના છે ઉર મારે,
પૂર્ણ કરી દો; ધ્યાન ધરું છું ... સંત શિરોમણિ.

* * *

## (૨૮) જાગૃતિ

ખરે અજ્ઞાન નિદ્રાથી હૃદય મારું ગયું જાગી,
થઈ આખર રહ્યું છે એ તમારું એક અનુરાગી ... ખરે.

તમારી એક જડ ચેતન મહીં વીણા રહી વાગી,
સુણે કોઈક જ્ઞાન ગીત તેનું ભ્રાંતિને ત્યાગી;
સુણ્યું સંગીત પ્રાણે ને થયો છે સત્વર સુહાગી ... ખરે.

તમારું ધ્યાન નિશદિન મનતણી વૃત્તિ બધી ધારે,
તમોને અર્ધ્ય આપે પ્રાણ, અમૃત આંખડી ઢાળે;
ટળી ચિંતા, ઉપાધિ મટી, બધી ભ્રમણા ગઈ ભાગી ... ખરે.

થઈ ‘પાગલ’ તમારા સ્નેહના સરવર મહીં ન્હાઉં,
ભલે ભવના ભવો લગ તમારાથી દૂર ના થાઉં,
કૃપા કેવળ તમારી જિંદગીમાં મેં સદા માગી ... ખરે.


* * *

## (૨૯) પ્રભુ પર છોડી દે

પ્રભુ પર છોડી દે, જીવન પ્રભુ પર છોડી દે.
પ્રવાહ તારા મનનો, કેવળ પ્રભુશું જોડી દે.

ચિંતા કરે નકામી શાને,
વાત ધરી લે મારી ધ્યાને;
તારું ધાર્યું થાય કૈં યે, વિષાદ છોડી દે ... પ્રભુ પર.

નાખ નિસાસા, રડ ના ભાઈ,
હજીય નથી બગડ્યું કાંઈ;
પ્રભુના પરમ પ્રદેશ તરફ હંકારી હોડી દે ... પ્રભુ પર.



સુખદુઃખનો સાચો સંગાથી,
એ છે જગમાં એક જ ભાથી;
સંબંધ કરી, બંધન તન ને મનનાં તોડી દે ... પ્રભુ પર.

જે કરશે તે ઉત્તમ કરશે,
મંગલમય રૂપ વળી ધરશે;
પ્રભુને પ્રેમ કરીને જૂનું દળદર ફેડી લે ... પ્રભુ પર.


*   *   *

**(૩૦) પ્યાસ**

પ્યાસ પ્રચંડ પુરાતન લાગી.

દર્શનની આતુરતા ઉરમાં,
        વ્યાકુળતા આંખે છે જાગી;
નિશદિન તલસ્યા કરે તમોને,
        રોમ રોમમાં વીણા વાગી ....પ્યાસ.

ભોગ વિલાસે શમે નહીં એ,
        મટે ગયે કૈલાસ ન કાશી;
મથુરા મક્કામાં ના બૂઝે,
        જાણે હોય નહીં અવિનાશી ....પ્યાસ.



ગીતા ગંગાથીય ટળે ના,
        થયે ગ્રંથ પાછળ અનુરાગી;
યોગ યાગથી પ્રબળ બને છે,
        વિજન મહીં વધતી વણમાગી ....પ્યાસ.

પાણી કોઈ કામ ન આવે,
        આવે વૈરાગી કે રાગી;
'પાગલ' આંખે આંખ મળે તો,
        તરત મટે બનતાં બડભાગી ....પ્યાસ.

*   *   *

## (૩૧) માર્યો રાવણને

તમે માર્યો રાવણને.

સોનાની લંકાને બાળી,
ભવન વળી વનને,
મેઘનાદ ને કુંભકર્ણશા,
છેદ્યા કૈં જનને ....તમે.

અપાર બળની જોડ જડે ના,
રાક્ષસના વનને,
કાયમ કાજ જલાવી દીધું,
તાર્યા નિર્ધનને ....તમે.

નિસ્પૃહતા યે કેવી, દીધું,
રાજ વિભીષણને;
વિનમ્ર પૂરા, યશસ્વી કર્યા,
ભક્ત પવનસુતને ....તમે.



મહિમા સુણી શરણમાં આવ્યો,
માગું ના ધનને,
પુરણ કરી તમારો, મારો
માયાવી મનને ....તમે.

* * *

**(૩૨) વિજયી જીવન**

વિજયી જીવન તેનું થાય,

તે જ કરે ઉત્સવ જીવનનો,
ગુણલાં તેનાં કવિજન ગાય ....વિજયી.

સત્ય સરલતાને અપનાવે,
આશા શ્રદ્ધાથી સોહાય;
વિવેકના શસ્ત્રે છેદી દે,
અંતરરિપુ  તે ગંગા ન્હાય ....વિજયી.

ધીરજ ને સંયમની સાથે,
દયા ક્ષમા જેને ત્યાં જાય;
સદાચાર હો સખા જેહનો,
સ્વર્ગસમું તેને જગ થાય ....વિજયી.

પૌરૂષને નિર્ભયતા ધારે,
ન્યાય નીતિ જેનાં ન હરાય,
ભેદભાવ ને અહં સ્વાર્થની
જેનામાં ના આગ ભરાય ....વિજયી.

બીજાને કાજે જે જીવે,
બીજા કાજે બલિ પણ થાય,
પ્રેમશુદ્ધિથી મંડિત તેને,
કમી નથી વસુધામાં ક્યાંય ....વિજયી.

'પાગલ' ફક્ત તમારે માટે,
તમને ભજે જુએ ને ગાય,
તેને શોક રહે ના કોઈ,
ભય ને બંધ બધાયે જાય ....વિજયી.

* * *

**(૩૩) 'મા'નું મુખ**

સુહાયે 'મા'નું મુખ કેવું !

મધુથી મઢેલું જ્યોતિ જડેલું, જીવનધન જેવું;
ફોરમના તો ઊડે ફુવારા, ઉપવન છે એવું ! ....સુહાયે.

શાંતિસદન-શું, વિમલ વદનનું સુખ ટપકે કેવું !
સ્વપ્ને પણ દેખી લે તેને, ગમશે દિલ દેવું ....સુહાયે.

તપ્ત જનોની વનસ્થલી-શું, અમૃત ફળ જેવું;
ભૂખ્યાંનું ભોજન છે ભારે, અક્ષય નિધિ એવું ....સુહાયે.

એના રસમાં રુચે જેમને, રમવું ને વહેવું,
રહે તેમને કૈં ચિંતા કે, સંકટ ના સહેવું ....સુહાયે.

સત્યાસત્ય કહેજો જેને, જે હો તે કહેવું,
મને તો ગમે એ માનસરે, હંસ બની રહેવું ....સુહાયે.

* * *

## (૩૪) 'મા' ને

'મા'નું નામ ધર્યું તમે તો, 'મા'નું નામ ધર્યું.

બાલક પરની મમતાથી તો, અંતર છેક ભર્યું,
રસના ઊંડે ફુવારા એમાં, સુખનું ધામ થયું ... તમે તો.

મંગલ મીઠું નામ તમારું, સુણતાં હૈયું ઠર્યું;
સાથ હશે તો સુખમય કેવો, અમૃત અંગ ભર્યું ... તમે તો.

રસ માધુર્ય પ્રેમથી આખું, લથપથ અંગ થયું;
શરણે આવ્યું તેમ નિહાળ્યું, તે તો તરત તર્યું ... તમે તો.

સોડ તમારી પામ્યા તેનું, કિસ્મત છેક ફર્યું;
શરણાગતને કાં તલસાવો, કારજ કાં ન સર્યું ? ... તમે તો.



* * *

**(૩૫) યાદ**

તમારી યાદ નિરંતર આવે.

તમારા વિના જીવન મુજને
        સ્વપ્ને પણ ના ભાવે ... તમારી.

માનસરે હંસ મળ્યા જેવા
        ન્હાયે ને ન્હવરાવે,
મનની વૃતિ તમારે ચરણે
        તેમ જ પૂજા લાવે ... તમારી.

રગરગ એક તમારું મંગલ
        ગીત ચિરંતન ગાવે;
સાથ તમારા સ્વાદ વિના ના
        બીજું કૈંયે ફાવે ... તમારી.



પૂરણ પ્રેમી ભક્ત તમારો
        ફકત જગતમાં કા'વે;
કૃપા કરો કે તપે હવે ના
        લેશ વિરહને તાવે ... તમારી.


*   *   *

**(૩૬) પ્રાર્થના**

એવી કરી ક્ષણવાર દયા,
મને દિવ્ય દર્શન દઈ દો તમે ... એવી કરી.

મારા મનમાં મૂર્તિ તમારી રમે,
મારું મનડું બીજે ન ક્યાંય ભમે;
એને મિલન તમારું ફક્ત ગમે,
મને દિવ્ય દર્શન દઈ દો તમે ... એવી કરી.

કૈં દિનથી રાહ રહ્યો જોઈ,
પ્રેમાશ્રુથી દિલને ધોઈ;
મારો દાહ ન દિલનો લેશ શમે,
મને દિવ્ય દર્શન દઈ દો તમે ... એવી કરી.



દર્શન વિણ સાચે ચેન નહીં,
આનંદ ખરેખર લેશ નહીં,
દુનિયા ન તમારા વિના ગમે,
મને દિવ્ય દર્શન દઈ દો તમે ... એવી કરી.

દર્શન દો, આલિંગન આપો,
અનુરાગ થકી અંગે સ્થાપો;
તો અમૃત રોમેરોમ જમે,
મને દિવ્ય દર્શન દઈ દો તમે ... એવી કરી.

આ સઘળો પળનો ખેલ ખરે,
તોય તરસે મારો પ્રાણ મરે;
હવે વિરહ નહીં વધુ વાર ખમે,
મને દિવ્ય દર્શન દઈ દો તમે ... એવી કરી.

* * *

**(૩૭) બે દિનના મહેમાન**

ખરે સૌ બે દિનના મહેમાન.

જનમ્યું સર્વ જરૂર જવાનું,
 કરવું વ્યર્થ ગુમાન;
શિક્ષા આપે સંતો એવી,
 જ્ઞાની આપે જ્ઞાન ... ખરે સૌ.

વટેમાર્ગુ જેવા સૌ જીવો,
 જીવન રસની ખાણ;
ભાવ પ્રમાણે અનુભવ કરતા,
 પુલકિત કરતા પ્રાણ ... ખરે સૌ.

એ બે દિનમાં મળે તમારી
 દિવ્ય કૃપાની લ્હાણ;
સાધ્ય શેષ તો કૈંય રહે ના,
 હો જીવન કલ્યાણ ... ખરે સૌ.

* * *

**(૩૮) આશા**

દીન હીનને આશા એક.

એક તમારો ફક્ત ભરોસો,
        અવનીમાં આધારે નેક ... દીન હીનને.

શરણાગતની સંભાળ તણી,
        તમારી જ વખણાતી ટેક;
તમારી જ તાકાતે ઉજવે,
        ઉત્સવ તાર તૂટેલ અનેક ....દીન હીનને.

પ્રેમ ક્ષમા કરુણા દાન મહીં
        બરાબરી કોણ કરે છેક;
ભક્ત ભજે છે તમને નિશદિન,
        અમર રહો એ પ્રેમ વિવેક ! ....દીન હીનને.



* * *


**(૩૯) કૃપા કરી દો**

આજ તમારી કૃપા કરી દો.

પૂર્ણ પ્રેમથી પ્રકટ થઈને,
        દિવ્ય સુધાથી પ્રાણ ભરી દો;
કોટિ ચંદ્રથી ચારુ બનીને,
        તાપ મહારા ત્રણે હરી લો ....આજ.

બાકીના જે દિવસ રહ્યા છે
        તે સૌને મધુદાન ધરી દો;
મધુર સુવાસ ફરે છે જેવી,
        તેમ જ મારે હૃદય ફરી લો ....આજ.

દિવ્ય તમારી દૃષ્ટિ ઢાળી,
        જીવન મારું દિવ્ય કરી દો;
કૃપા વર્ષણે પ્યાસ શમાવી,
        પ્રકાશથી મુજ પ્રાણ ભરી દો ....આજ.



*   *   *

## (૪૦) તમે મારું

તમે મારું જીવન પૂર્ણવિરામ.

ધ્યેય પરમપદ તમે જ મારું
        વિશ્વ વળી અભિરામ ... તમે મારું.

તમે જ મારે મન સુખ શાંતિ,
        ઠરવા કેરું ઠામ,
તમારા જ ચરણોમાં મારો
        આખરનો આરામ ... તમે મારું.

તમારા વિના કોઈનું યે
        જીવનમાં ના કામ;
અંધતણી છો આંખ તમે તો
        નિર્ધન માટે દામ ... તમે મારું.

સુવા મળે ચરણોમાં મુજને
        મંગલમય ઘનશ્યામ,
પ્રતીક્ષા કરું એ પળની હું
        હૈયે રાખી હામ ... તમે મારું.

પ્રેમીને તલસાવો ના વધુ
        ભેટો દિનને યામ;
વ્યાપી ગયો હવે તો દિલમાં
        દિવ્ય પ્રેમનો જામ ... તમે મારું.

* * *

## (૪૧) હોળી

હોળી આજ જગાવી દો !

તન મનના મેલ દૂર કરીને દૈન્ય જલાવી દો,
અંતરને અમૃતમય કરતાં ધન્ય બનાવી દો ... હોળી.

કામ ક્રોધના અંકુર ઉરથી ભલે ફગાવી દો,
લોભ મોહ ને મદને મારો, બંધ હઠાવી લો ... હોળી.

પ્રેમતણી દો જ્યોત જગાવી ઉત્સવ થાયે તો,
પ્રેમળ મળે પ્રકાશ તમારો ભય શોક પછી શો ? ... હોળી.

વિકાર તેમ જ વાસના થકી મુજને મુક્ત કરો,
અશુભ તત્વ જીવનનું સઘળું કાયમ કાજ ટળો ... હોળી.

સત્ય પ્રેમનો જય થાઓ ને જીવન અભિનવ હો;
શાશ્વત ભસ્મ થકી સરજાયે સુંદર સૃષ્ટિ છો ... હોળી.

* * *

## (૪૨) 'મા'નું નામ

'મા'નું નામ ખરે રૂપાળું.
મીઠું ને મનમોહક એ તો છે દુનિયાનું પ્યારું ... 'મા' નું.

મૃતને પણ છે જીવનદાયક, વિષમાં અમૃત ન્યારું;
દુઃખદર્દનો છેક વિસામો, અંધારે અજવાળું ... 'મા' નું.

રણમાં છે એ મધુર વીરડી, ભોજન ક્ષુધાર્ત સારું;
સ્વર્ગ તેમ મુક્તિથી મંગલ, જીવન દાન અમારું ... 'મા' નું.

કવિજન દેવ વળી પરમાત્મા માને નિશદિન સારું;
કેમ કરીને કહી શકે કો', છે કેવું રઢિયાળું ... 'મા' નું.

બોલાયે મુખમાંથી ત્યારે તૂટે અંતર-તાળું;
'મા'નું યે મનડું મલકાયે કેમ કહો ના વારુ ? ... 'મા' નું.

'મા'ની ફરજ છતાં છે ભારે, સમજી લો તો સારું;
શરણાગતને પાળો, રક્ષો, જીવન સુધરે મારું ... 'મા'નું.

* * *

## (૪૩) જોયા રોજ કરું

તમોને જોયા રોજ કરું !
આશા નથી અન્ય કૈં મારી,
રોયા રોજ કરું ! ... તમોને.

કોટિ ચંદ્રથી રૂપ તમારું ચારૂ ને મધૂરું;
સુમન સુવાસિત તેમ પ્રકાશિત સ્નેહછલ્યું સઘળું;
પલક ન પાડું, જોંઉ તેને,
અમૃત આંખ ભરું ... તમોને.

એક ક્ષણ એ રૂપ તમારું સ્વપ્ને ના વિસરું;
આ અવનીમાં ભલેને પછી ચાહે ત્યાં વિચરું.
ચરણ સમીપ મૂકીને મસ્તક
ધોયા રોજ કરું ... તમોને.

વૈભવ મળે મને એ મોટો ત્યારે ભાગ્ય ખરું;
ત્યારે ભ્રાંતિ બધી ટાળીને સાચે સાચ ઠરું.
સુમન સમાન તમારી સાથે
સોહ્યા રોજ કરું ... તમોને.

મુક્તિની ના મને કામના તમને ફક્ત વરું;
સિદ્ધિ એ મારે મન મોટી, એ કૈવલ્ય ખરું;
તમારી જ રસમય નૌકામાં
દિન ને રાત તરું ... તમોને.


* * *

**(૪૪) સ્વરૂપ**

તારું વિચાર સ્વરૂપ
મનમાંહી, તારું વિચાર સ્વરૂપ,
અદ્ભૂત અમુલખ રૂપ,
મનમાંહી, તારું વિચાર સ્વરૂપ.

ક્યાંથી આવ્યો ને ક્યાં તું જવાનો ભાઈ,
જાણી લે તો થઈ જા ચૂપ;
તૃષ્ણાનો ત્યાગ કરી ભ્રમણા દે દૂર કરી,
અવસ્થા તો પામી લે અનૂપ ....મનમાંહી.

શાંતિનો સાગર તું તો આનંદમૂર્તિ એવો,
સુખનું સનાતન એવું મૂળ;
જ્યોતિની જ્યોતિ જેવો, અંધકાર એમાં કેવો,
અનુભવી લેને તારું રૂપ ....મનમાંહી



કામના શમી જશે ને ટળી જશે તાપ તારા,
શોક મોહ થાશે ને નિર્મૂળ;
'પાગલ' પ્રેમીના જેવો પાવન બની જશે તું,
બની જશે બ્રહ્માંડનો ભૂપ ....મનમાંહી.

*   *   *

### (૪૫) ગોવિંદની કર પ્રીત

ગોવિંદની કર પ્રીત
        મન, તું ગોવિંદની કર પ્રીત,
વિષયોની રસવૃત્તિને મેલી
        ચરણોમાં ચોંટાડ ચિત્ત ....મન તું.

આ રે સંસારનાં સુખડાં ક્ષણિક સૌ,
        સેવી રહ્યો તું નિત,
તો પણ શાંતિની છાયા મળી ના,
        ગાને ગોવિંદનાં ગીત ....મન તું.

ગોવિંદનું ધર ધ્યાન સદાયે
        ન્હાઈને નેહ નવનીત,
વર્ષા વરસાવી લે જીવનમાં તારી
        પૂરી થઈ જશે જીત ....મન તું.



*   *   *

### (૪૬) શરણનું સુખ

શરણમાં જાય છે તેને સુખ સદા સાંપડે ભારે,
ચરણમાં જાય છે તેને સુખ સદા સાંપડે ભારે.

લગન દિલની લઈને જે બની ચાતક સમા તલસે,
અગનને શાંત કરનારી સુધાને પામતા પ્યારે.

તપન ધરતી તણી પેખી જુઓ વાદળ સદા વરસે,
શમન સૌ ક્લેશનું કરતા તપે જે કાળજા કયારે.

સમર્પી મેળવી લે છે રડીને હર્ષ પામે છે,
મરણ મુખમાં જનારા પરમ જીવનમાં મહાલે છે.

શરણમાં જાય છે તેને સુખ સદા સાંપડે ભારે,
ચરણમાં જાય છે તેને સુખ સદા સાંપડે ભારે.

* * *

## (૪૭) સારથિ પદ

છે સારથિ પદ સોંપ્યું તમને
પછી ચિંતા થાય જરાય નહીં,
રથ સર્વ સમર્પ્યો છે તમને
પછી શોક સતાવે જરાય નહીં... છે સારથિ પદ

ભય ક્યાં તેને, ક્યાં ભેદ વળી,
ક્યાં બંધન મોહ અશાંતિ જરી,
જેને અપનાવો પૂર્ણપણે,
એને અફસોસ જરાય નહીં ... છે સારથિ પદ

મહાભારતના મેદાન મહીં,
શસ્ત્રાસ્ત્રોનો ખખડાટ થતા,
યોધ્ધાઓ લલકારે લડવા,
તોય થાય નિરાશા લેશ નહીં ... છે સારથિ પદ

મને આશ્રય એક તમારો છે,
સંપૂર્ણ સદાનો સહારો છે,
સાફલ્ય વિજયની ના શંકા,
શુચિ કરુણાધારા જાય વહી... છે સારથિ પદ

* * *

### (૪૮) તમે કેમ કરો છો વાર ?

હવે તમે કેમ કરો છો વાર ?

આધાર તમારો છે મારે, તમે જ તારણહાર;
ડૂબી રહ્યો અનંત અબ્ધિમાં, કેમ કરો ના પાર ? ... હવે.

શરણાગત વત્સલ છો એવું શ્રવણ કર્યું કૈં વાર;
શરણાગતને સત્કારો ના, સદ્ય કરો ઉદ્ધાર ... હવે

કોટિ પ્રયત્ન કરે કોઈયે તો પણ પામે હાર,
અનુગ્રહ મળે અમોઘ તો તરે હોય ભલેને ભાર ... હવે.

તપ જપ જ્ઞાન યોગ ના મુજમાં, સમજું સર્વ અસાર;
રતન રંકના બનો હવે તો તમે જ કેવળ સાર ... હવે.

*   *   *

## (૪૯) નચિકેતાને

હે નચિકેતા ! તું માગ અન્ય કૈં, નચિકેતા, તું માગ.
આ વરદાન તણો રાગ છોડ, આ વરદાન તણો રાગ.

પુત્ર તેમ પૌત્રને લે તું સૃષ્ટિનું સામ્રાજ્ય,
હસ્તિ-અશ્વ-પશુધન માગી લે વૈભવ પારાવાર;
અનંત સમય સુધી જીવી લે કર જીવનનો ફાગ.. અન્ય કૈં.

અનંત ધન યૌવનને આપું પૂરણ કામ કરું,
રતિ કરતાં પણ રૂપવતી આ રામા ચરણ ધરું;
મૃત્યુ પછી શું થાય જીવનું એ જિજ્ઞાસા ત્યાગ .. અન્ય કૈં.

* * *

## (૫૦) વૈરાગ્ય

તમારા ભોગ વૈભવમાં કશુંયે નિત્ય શાશ્વત ના,
સકળ સંસાર ક્ષણભંગુર ભરોસો એહનો છે ક્યાં ?

ચપળ ચપલા રહે ચમકી ગગનમાં ને વિલીન થતી;
સદાયે સિંધુમાં આવે અચાનક ભાવની ભરતી;
નથી ટકતી નિરંતર તે, ભરોસો એહનો છે ક્યાં ? ... તમારા.

સુમન જે છોડ પર ખીલે, ઢળે આખર વદન વીલે,
મરણના જે મારને યૌવન તથા સૌંદર્ય ના ઝીલે,
મળે સામ્રાજ્ય સ્વર્ગ છતાં ભરોસો એહનો છે ક્યાં ? ... તમારા.

હવે વધુ વાર ભોગોમાં નથી મારે ખરે ભમવું,
વિનાશી રંગ રૂપોની કરી મમતા નથી રમવું;
પુન: સત્સંગ આવો સાંપડે એવો ભરોસો ક્યાં ? ... તમારા.

બતાવો અમરતાનો માર્ગ, બંધનને હઠાવી દો,
તિમિર અજ્ઞાનનાં ટાળી કૃપાનાં કિરણ ઢાળી દો;
કરાવો આત્મદર્શનને; ભરોસો અન્યનો છે ના .... તમારા.

* * *

### (૫૧) શ્રેય ને પ્રેય

ભજન છે ભગવાનનું, સેવન વળી સંસારનું,
એક સુખ ને શાંતિ આપે, અન્ય દુઃખપ્રદ જાણવું.

ભજનથી ક્લેશો શમે ને તાપ ત્રય અંતે ટળે,
અશાંતિ મહીં શાંતિ, ફોરમ સુખદ પ્રસરી વળે.

ભજનને જીવન, વિષયની રતિ જ મૃત્યુ માનવું,
એક સુખ ને શાંતિ આપે, અન્ય દુઃખપ્રદ જાણવું.

જીવ, વિષમય વિષયના રસમાં જતો ડૂબી નહીં,
પ્રકૃતિના નાદે જતો ભગવાનને ભૂલી નહીં.

ભજન કરતાં ભાવથી છે પરમપદને પામવું,
એક સુખ ને શાંતિ આપે, અન્ય દુઃખપ્રદ જાણવું.

*  *  *



## (૫૨) ભાગવતની ફલશ્રુતિ

ભાગવત ભાવથી સુણી, લીલા ગાવી ભગવાનની,
ગાવી ભગવાનની, ગવડાવવી ભગવાનની ... ભાગવત.

કાળરૂપી તક્ષક છે, પરીક્ષિત જીવ છે,
પ્રભુનાં શ્રી ચરણોમાં કરવાની પ્રીત છે;
મુક્તિ પ્રભુની કૃપા થકી પામવી ....ભાગવત.

કલિયુગના દોષ સૌ નામથી ટળી જતા,
વિષના કટોરા પીયૂષ પ્યાલા થતા,
ભક્તિ કરવી સદા ભગવાનની ....ભાગવત.

અવસર આવો ફરી ફરી નહીં આવે,
સોનેરી ઘડી કોણ વ્યર્થ આ ગુમાવે;
શરણું સ્વીકારીને મજા માણવી ....ભાગવત.

* * *

### (૫૩) કોઈ નથી

શાસ્ત્રોએ કૈં કથા કથી,
હરિ વિના તારું કોઈ નથી.

ચાર દિવસની ચાંદરણીમાં મોહાયો અજ્ઞાન થકી,
મૃગજળ પાછળ દોટ મૂકી છે, ત્યાં તો જલનું બિંદુ નથી,
અમૃત સાગર અંદર ઊછળે, ત્યાગી દે આ ભ્રાંતિ બધી ... શાસ્ત્રોએ.

એકલ આવ્યો, એકલ જાશે, ખીલે ને ક્ષણમાં કરમાશે,
સ્વપ્ન તણા રૂપો ને રંગો એકાએક અનેક હરાશે;
શરણ લઈ લે સર્વેશ્વરનું કૃતકૃત્ય બની જશે પછી ... શાસ્ત્રોએ.

* * *

**(૫૪) રક્ષા કરો**

તમે મારી રક્ષા આજ કરો.
ચિંતા ભીતિ બધીયે મારી કરતાં કૃપા હરો ... તમે મારી.

ભવસાગર છે ખૂબ ભયંકર, સુદુસ્તર સઘળો,
નૌકા રૂપ બનીને સત્વર પ્રેમે પાર કરો ... તમે મારી.

રક્ષક કોણ અહીં છે મારું, અરજી ધ્યાન ધરો,
સર્વસમર્થ સૃષ્ટિના સ્વામી શ્રમ ટાળો સઘળો .. તમે મારી.

કૃપા કરો તો કઠિન કશું ના, શબમાં પ્રાણ ભરો,
શરણાગત વત્સલ મહિમા સાર્થક કરો ખરો ... તમે મારી.

* * *

## (૫૫) અગર હો શાંતિની ઈચ્છા

અગર હો શાંતિની ઈચ્છા ગુણો હરિના સદા ગાઓ,
સુધામય રૂપને રસથી સદા પરમાત્મના ધ્યાવો.

ફગાવી અન્ય ચિંતાને વળી આસક્તિ સંસારી,
લગન દિલની લઈને શ્રી હરિના શરણમાં જાઓ.

કથા કીર્તન તથા સત્સંગમાં સુખ સ્વર્ગનું પામી,
લગાવો ધ્યાન ઈશ્વરનું, હૃદયમાં રૂપને લાવો.

મળ્યો અવસર અનેરો તો ન ખોવો પ્રમાદે એને,
જવાનું થાય તે પહેલાં પરમરસ પી સદા પાઓ.

અગર હો શાંતિની ઈચ્છા ગુણો હરિના સદા ગાઓ;
સુધામય રૂપને રસથી સદા પરમાત્મા ધ્યાવો.



* * *

**(૫૬) સાધન**

હવે મારે સાધન શું કરવું ?

શું સ્મરવું, શું વદવું મારે, કોને ક્યાં ભજવું,
કોને ગ્રહવું ધ્યાને ધરવું; કોને ને તજવું ? ... હવે.

શાપ મળ્યો છે મોટો મુજને, લેશ નથી ડરવું;
અંત સમય શું કરવું, કોને મનડું આ ધરવું ? ... હવે.

પૂર્વ જન્મના પુણ્યોદયથી જીવન મળ્યું મધૂરું,
મરણ મળે મંગલ એનાથી, કોને તો વરવું ? ... હવે.

વેદ પાઠ કે યજ્ઞ ન કરવા, તીર્થે ના ફરવું,
મંગલ મુક્તિ માર્ગ બતાવો, ભવજલને તરવું ? ... હવે.

* * *

### (૫૭) સ્વર્ગ લોક

સરજો અહીં ને અહીં સ્વર્ગલોક ભાઈ !
અનેરી આ અવનીમાં કમી નથી કાંઈ,
આનંદની હેલી છે રસની હો ભાઈ ! ... સરજો.

હરિએ બધેય દીસે પૂર્ણ હેત સિંચ્યું,
નથી કીધું હેત તમે નથી હેત પ્રીછયું;
હોળીને જગાવી દીધી જલાવી દિવાળી ... સરજો.

પીયૂષનું પાન બધે પૃથિવીમાં આપણી,
કરી દીધી માનવે છે હાથે કરી તાપણી;
વિષના વંટોળ ચારે કોર કર્યા ચાહી ... સરજો

પ્રેમ ને દયાને ધારો, મમતા પ્રજાળો,
સરજવા સ્વર્ગ હવે જીવનને હારો;
નરકની નિશાની દો સૌએ મળી ટાળી ... સરજો.

* * *

## (૫૮) વિશ્વપતિનું પ્રાગટ્ય

પ્રકટયા વિશ્વે વિશ્વપતિ.

કારાવાસે પ્રકાશ પ્રકટ્યો ને માધુર્ય અતિ,
વસુદેવ તથા ધન્ય દેવકી હૃદયે રમી રતિ ....પ્રકટ્યા.

દેવ યક્ષ ગંધર્વ તપસ્વી યોગી દિવ્ય યતિ,
પરમ પ્રસન્ન બનીને પામ્યા જાણે પરમ ગતિ ....પ્રકટ્યા.

સકળ સૃષ્ટિની શોભા દૈવી શિશુમાં થઈ છતી ....પ્રકટ્યા.

*    *    *

## (૫૯) પ્રાર્થના

આવ્યા શરણે આજ તમારા.
આ અવનીમાં તમારા વિના સાચા કોણ અમારા ? ... આવ્યા.

કોણ સ્વજન સંરક્ષક જીવન પ્રાણ પુરાતન પ્યારા,
અધમોદ્ધારક શાંતિપ્રદાયક નરરૂપ છતાં ન્યારા ... આવ્યા.

સરિતા સાગર વિના વહે કયાં, શિખા તજી કયાં દીપ,
પરિમલ છોડી પુષ્પ જાય કયાં, તોડી ન શકે પ્રીત;
મેઘબિંદુ મેઘ વિના ન ટકે, સઘળે એવી રીત,
જીવ જાય કયાં ત્યાગી તમને, જપે તમારી માળા ... આવ્યા.

મૂશળધાર મેઘ વરસે છે, ચપલાના ચમકારા,
વાવાઝોડાં વિષમય વાયે, પ્રકાશ ખૂટ્યા સારા;
કૃપા કિરણ રેલી દૂર કરો અનંત આ અંધારાં ... આવ્યા.

* * *

### (૬૦) શાંતિનો ઉપાય

શાશ્વતી શાંતિ પામવી હોય,

અખંડ આત્માનંદે જીવન
        કૃતાર્થ કરવું હોય,
હરિના નિર્મળ યશને ગાઓ,
        ભ્રાંતિ રહે ના કોય ....શાશ્વતી.

જીવનમાં હરિ જ્યોત જગાવો
        અંધકાર હો તોય,
સફળ થશે જીવન પૂર્ણપણે,
        ઉપાય અન્ય ન કોય ....શાશ્વતી.

*   *   *


### (૬૧) શરણું લઈ લે

જીવ તું સવેળા હવે શરણું લઈ લે,
સાગરને તરવા હવે શરણું લઈ લે.

તર્ક વિતર્કનાં તાળાંને તોડી
ભૂતાવળો બધી ભ્રમણાની છોડી,
હુંકાર હોડી રે, શરણું લઈ લે ... જીવ તું.

મનની મિલ્કત ચારુ ચરણોમાં ઢાળી,
દિલને દે માત્ર સુધા સ્વરૂપે જ વારી;
રોમ રોમ ધારી રે, શરણું લઈ લે ... જીવ તું.

ભક્તિ ને ભાવની ધૂણી જગાવી
શ્રદ્ધાનાં હમેંશા હલેસાં લગાવી,
તનને તપાવી રે, શરણું લઈ લે ... જીવ તું.



કરશે વિલંબ પછી લેશ પણ નાથ ના,
ખામી રહેશે નહીં તારા ઉદ્ધારમાં,
અનુભવ બોલ છે આ, શરણું લઈ લે ... જીવ તું.

* * *

## (૬૨) જ્યોતિ

એક છે જ્યોતિ હૃદયમાં એક છે જ્યોતિ,
લો તમે ગોતી જરી તો લો તમે ગોતી ... હૃદયમાં.

અંગુઠાના માપની નિર્મળ પરમ જ્યોતિ,
ધ્યાન સાગરનું મહામોઘું મહા મોતી ... હૃદયમાં.

અખિલ દુનિયા એ વિના રોજે રહી રોતી,
ભીતિ ને ભ્રમણા મહીં ડૂબી ગઈ ખોટી ... હૃદયમાં.

ભૂત ભાવિ તણી વિધાત્રી જ્યોતિની જ્યોતિ,
જાણતા એને નિરંતર ધ્યાનથી યોગી ... હૃદયમાં.

*   *   *

**(૬૩) ભાગવત ભવસાગરથી તારે**

ભાગવત ભવસાગરથી તારે,
મિથ્યા મોહ ને મમતા મારે
....ભાગવત.

પ્રાણે પ્રદીપ પ્રગટાવીને પ્રેમનો,
જીવનમાં વરસાવે વરસાદ રે'મનો;
ફૂલવાડી જગવી દે જીવનને ક્યારે
... ભાગવત.

કામ ક્રોધ લોભ મોહ શોકને હઠાવી,
કલેશ તેમ અવિદ્યાને સઘળી શમાવી;
કાળના કાળને છેવટ મારે
... ભાગવત.



દર્શન દેવોના દેવનું કરાવે,
અમૃતપદ અંતરને આંગણિયે લાવે;
આત્મ અનુગ્રહથી ઉદ્ધારે
.... ભાગવત.

* * *

## (૬૪) ગાઈએ ને ગવડાવીએ

ભાગવત ગાઈએ ને ગવડાવીએ,
હરિરસ પીએ ને પીવડાવીએ
... ભાગવત.

કાળનાગ ગ્રસવાનો સૌનેય છેવટે,
હરિના સ્મરણથી ભીતિ એની મટે.
અમૃત રસમાં ન્હાઈ ન્હવડાવીએ
... ભાગવત.

યજ્ઞ યાગ સ્વાધ્યાય કામ ના આવે,
તીરથ કે કર્મકાંડ કોઈ ના ફાવે.
પ્રેમને પ્રગટાવી ને પ્રગટાવીએ
... ભાગવત.

સંતોના ચરણોમાં સઘળું સમર્પી,
જગાવો વધારી સાચી શ્રધ્ધા ભક્તિ.
વૈકુંઠ મુક્તિ આંગણિયે ઉતારીએ
... ભાગવત.

* * *

### (૬૫) મહિમા

મહિમા જાણ્યો તમારો, આજ મેં જાણ્યો તમારો,

એક વૃક્ષની બે શાખાનાં પંખી,
રૂપ રંગ એક જ ને સનાતન સંગી,
તોયે તફાવત ન્યારો ....મહિમા જાણ્યો તમારો.

જીવ હું, તમે શિવ, સૃષ્ટિના સ્વામી,
એક છતાં અનેક છો તમે બહુનામી,
આતમ અલૌકિક મારો ....મહિમા જાણ્યો તમારો.

હૃદયે રમો તમે માયા પતિ મારા,
કરુણાની વરસાવો અહર્નિશ ધારા;
પાવન પ્રેમથી પાળો ....મહિમા જાણ્યો તમારો.

મહિમા જાણ્યો તમારો, આજ મેં જાણ્યો તમારો.

* * *

## (૬૬) નિર્ગુણ ને સગુણ

જે નિર્ગુણ નિરાકાર તે બની જાય સાકાર,
જે ગુણાતીત ગુણસ્વામી તે બને છે ગુણાકાર;

જે પરબ્રહ્મ પરમશક્તિ એ કરવાથી અનુરક્તિ,
પ્રકટે છે બનતાં વ્યક્તિ એની કરુણાનો ના પાર .. જે.

એ સર્વસમર્થ ન એને બદ્ધ કરે કોઈ કેમે,
કોઈ પોકારે પ્રેમે વાત કરે વિશ્વાધાર ... જે.

જળમાંથી બરફ બને છે ને તરંગ સિંધુ ધરે છે,
સાંપડતાં સ્નેહ કરે છે એ પૂરણ પ્રેમાગાર ... જે.

જો કોઈ એને ચાહે, સ્નાન કરે પ્રેમ પ્રવાહે,
કેમ બને ના જો કોઈ હો કરનારું સાકાર ... જે.

* * *

**(૬૭) મન મથુરા**

મન મથુરા, કાયા કાશી, દિલ દ્વારકા
ગંગા યમુના સરસ્વતીનો સંગમ થાય શુચિ ત્યાં,

મંદિર મંદિર ફરી રહ્યો તું, મંગલ મન મંદિર આ,
અણુ અણુમાં ને અખિલ જગતમાં વસે વિશ્વપતિ આ
.... મન મથુરા.

ઝાંખી કરતું જરીક પ્રેમે બંધન પછી રહે ના;
સફળ જન્મ ઉત્સવ સમ થાયે, ભમે ભ્રાંતિ સાથે કયાં ?

બદલ બદરી, વદન વિશ્વનાથ, જગત જગન્નાથ આ,
રોમ રોમ રામેશ્વર, કોઈ તીર્થ નિરાળું ના
.... મન મથુરા.



* * *

## (૬૮) પરમાત્માને જાણે

જે પરમાત્માને જાણે એ અમૃતરસને માણે,

જે અંદર દૃષ્ટિ વાળે,
વિષયોના રસને મારે,
તે કૃતાર્થ થાયે પ્રીત કરીને
પરમાત્માના ધ્યાને ... જે પરમાત્માને.

ના પ્રલોભને અટવાયે,
સિદ્ધિમાં કદી ફસાયે,
તે મક્કમ મનથી ધપે ધ્યેય પ્રતિ
એક અલૌકિક તાને ... જે પરમાત્માને.

જ્યોતિમાં જ્યોત સમાયે,
બુદ્ બુદ્ વારિમાં વિલાયે,
સંગીત તણો સ્વર શમે છેવટે
શાંત સનાતન ગાને ... જે પરમાત્માને.

* * *

**(૬૯) યગન**

પોતે પોતામાં મગન,
એ જ મોટામાં મોટો યગન
.. પોતે.

જગાવી અવનવી અસીમ,
અહર્નિશ અંતરે લગન.
.. પોતે.

શમાવી આત્મની અગન,
જીવવું વિહરતાં ગગન.
.. પોતે.

પોતે પોતામાં મગન,
નથી અન્ય મંગલ યગન
.. પોતે.



* * *

## (૭૦) સર્વાત્મ દર્શન

જ્યાં જોઉં ત્યાં તું જ વિરાજે,

નીલ નભ મહીં વાદળમાં ને,
સાગરનાં મોજાંમાં ગાજે ....જ્યાં જોઉં ત્યાં.

પર્વતની માળામાં, તરુમાં,
ઝરણામાં પણ મંજુ અવાજે,
ચાલે અનહદ નાદ નિરંતર,
ઘટ ઘટ તારી વીણા વાજે ....જ્યાં જોઉં ત્યાં.

સાગરમાં વરસાદે કરતાં
કામણ કોઈ પ્રેમ પખાજે
ભેટે તું રસ સાથ ભૂમિને;
સુશોભિત થઈ સુંદર સાજે ....જ્યાં જોઉં ત્યાં.

માનવ ને કુદરતમાં તારી
ઝાંખી કરી ધન્ય છું આજે,
પાવન પ્રાણ વર્યો છે તુજને,
ટકી રહ્યો છે તારે કાજે ...જ્યાં જોઉં ત્યાં.

*   *   *

**(૭૧) ત્યારે પણ**

જીવન ઝોલાં ખાય, મારું જીવન ઝોલાં ખાય.

ભર દરિયામાં નૌકા ચાલે, વાયુ વિરોધી વાય;
ડગમગ થાયે, લાખ ઉપાયો આખર ફોગટ થાય;
ત્યારે પણ હિંમત ના હારું, મળે તમારી સહાય
... જીવન.

હાથ હલેસાં એક ન આવે, દિલમાં લાગે લ્હાય;
તોફાન બધા તોડી દે તટ, કૈંક અમંગલ થાય;
તે વખતે પણ ધીરજ મારી શ્રદ્ધા લેશ ન જાય
... જીવન.

ગર્જે ઘોર તરંગો જ્યાં ત્યાં કંપે કોમળ કાય;
ક્લેશ તણો ના રહે કાળ ને 'પાગલ' શું મન થાય;
ત્યારે પણ પ્રીતિ ના તૂટે મળે તમારી છાંય;
સર્વ કાળ ને સર્વ સ્થળોમાં પકડો પ્રેમે બાંય
... જીવન.

* * *

**(૭૨) ભાવના**

તમારા દિવ્ય ગુણગાનો સદાયે ગાય મુખ મારું,
કથા કીર્તન શ્રવણનો રંગ માણે શ્રવણને ચારુ.

તન થકી કરાયે સેવા, મન રમે ચરણમાં નિશદિન,
હૃદયમાં રાસ રમતા હો તમે જીવન ધરી ન્યારું.

જગતમાં નિહાળી તમને નમન નિશદિન કરું નેકે,
તમારા વિના કોઈનેય માનું ના અહીં મારું.

તમારી કૃપાની વૃષ્ટિ સદાયે પ્રાણમાં વરસે,
બનીયે અલગ ના કો'દિ, તમારું સૌ બને પ્યારું.

શરણમાં શાંતિ સ્મરણે સનાતન ને સ્વર્ગ સુખમય હો,
મળો વૈકુંઠ સંસર્ગે તમારા, મોક્ષપ્રદ ન્યારું



* * *

**(૭૩) ધૂન**

ૐ નમો ભગવતે વાસુદેવાય.

વાસુદેવાય જો ભાવે ભજાય,
માયા ને મમતાના બંધ કપાય.
ૐ નમો ભગવતે વાસુદેવાય.

મૃત્યુ મરે ને અમર થવાય,
અક્ષરધામમાં વાસ કરાય.
ૐ નમો ભગવતે વાસુદેવાય.

મુક્તિને માટેનો મારગ સીધો,
સંત મહંત ને શાસ્ત્રોએ કીધો,
ૐ નમો ભગવતે વાસુદેવાય.



* * *

### (૭૪) રામને

અયોધ્યામાં ભલે પ્રકટ્યા પૂર્ણ ને કૃતકામ,
આજ આવિર્ભાવ પામો હૃદયમાં શ્રી રામ.

જન્મ લીધો યુગો પહેલાં ધન્ય દશરથધામ,
જન્મ ધારો ફરી આજે નગર ગામેગામ.

આસુરી વૃત્તિ વધી વસુધામહીં આજે,
રગરગ મહીં કુંભકર્ણો રાવણો રાજે.

તાડકા મારીચના વંશજ વળી જન્મ્યા,
રક્ષવા ઋષિયજ્ઞ આવો નષ્ટપ્રાય તમામ.

દિગદિગંતે જપાય ભલે મધુર મંગલ નામ,
ચરાચરમાં કરાય ભલે સફળ સાર્થક કામ.

પ્રતિષ્ઠા હો આરતી હો તમારી સઘળે;
સમર્પિત હો શ્રી ચરણમાં દ્રવ્ય આજ તમામ.

* * *

**(૭૫) યાદ**


મારૂં હૈયું યાદ કર્યા કરશે,
એ તો જીવનભર તુજને ભજશે.

મારૂં તનમન હેત તને કરશે,
એ તો જીવનભર તુજને જપશે .. મારૂં.

પ્રત્યેક પ્રભાતે પાંગરશે,
તારો પ્રેમ સદા અભિનવ બનશે .. મારૂં.

તુજ જ્યોત સદા જીવન જલશે,
ત્યાં અંધારૂં ન ટકી શકશે .. મારૂં.

તુજ રૂપ સુધા જીવન બનશે,
આ આંખ ઉભય પ્યાલી બનશે .. મારૂં.



જ્યાં લગ પૃથ્વી ને પાણી છે,
નભ હિમ માળા હરિયાળી છે,
સંબંધ નહીં છૂટી શકશે .. મારૂં.

મારૂં રોમ રોમ તુજને રટશે,
તુજ તીર્થ મહીં તીરથ બનશે,
જીવન તારૂં સ્મારક બનશે .. મારૂં.

નશ્વરતા દુ:ખ વિનષ્ટ થશે,
તુજ સંગે તાપ નહીં ટકશે,
આતમને અમૃતપદ જડશે .. મારૂં.

* * *


**(૭૬) ભક્તિ**

વસમી શમાવી દે વેદના,
કરે શીતળ સઘળો શોક, ભક્તિ જેને મળે.

ચિંતાની કાયમી જલે ચિતા,
તેમ ભય ને ત્રિતાપ થાય ફોક, ભક્તિ જેને મળે.

કલેશો કપાય કષ્ટ કારમા,
થાય આનંદનો અતિરેક, ભક્તિ જેને મળે.

શાંતિની વર્ષા વરસી રહે,
મળે સુખ ને વ્યાપે છે વિવેક, ભક્તિ જેને મળે.



મમતા ને મોહ મટે પ્રાણનાં,
લભે સ્હેજે સંસિદ્ધિની સેજ, ભક્તિ જેને મળે.

ચંચલતા ભ્રમણા વળી ટળે,
શુષ્ક લાગે છે સ્વર્ગના ભોગ, ભક્તિ જેને મળે.

અંધારૂં ટળે છતી આંખનું,
જાય જૂનો થયેલો રોગ; ભક્તિ જેને મળે.

પરમાનંદે પ્રાણ ઊછળે,
કહે 'પાગલ' પૂરો થાય યોગ, ભક્તિ જેને મળે.

* * *

## (૭૭) કેમ કરીને કહું

કેમ કરીને કહું તમે છો કેટલાં બધાં સુંદર !
કેમ કરીને કહું તમે છો કેટલાં બધાં મંગલ ! ... કેમ.

સુમધુર રૂપ તમારું રસભર તેજોમય જગવંદન,
જોડ નથી ત્રિભુવનમાં, કોઈ આટલું નથી સુંદર ... કેમ.

પ્રેમ ગંગનાં ગંગોત્રી છો, રસનાં મૂળ ચિરંતન,
પવિત્ર જમુનાનાં જન્મોત્રી, સુરતાનાં રસ સંગમ.
તમારી નથી સુંદરતા આ ક્યાંય, નથી મધુરાપન ... કેમ.

તમારા પરમ રૂપ રસે છે રંગાયું મુજ અંતર,
મન છે મોહિત બન્યું પામતાં સ્પર્શ તમારો ચંદન,
દિલ છે 'પાગલ', ચરણધૂલિમાં ઢાળી દીધું જીવન,
અંગ સુગંધિત સુંદરતામાં સ્નાન કરીને સુંદર ... કેમ.

પ્રાણ પૂછતો કરતાં જેને તમે પ્રેમ ચકચૂર,
દૂર રહેવા ચાહે તે શું ? જણાય ના કૈં ભૂલ ?
દોડી આવો જેના સુણતાં તમે પ્રેમનાં ક્રંદન,
ઓ સુંદર, ઓ રૂપ સનાતન, તે ખરે જ છે મંગલ ... કેમ.

* * *

## (૭૮) પ્રવાસીને

પ્રવાસી પ્રેમનગર રસ પી.

પ્રેમનગરમાં ભક્તિ તણો પથ ઈશ્વરને વશજી,
તેને પામી વશ તું કરી લે, ખોબે ખોબે પી ... પ્રવાસી.

જીવન જાયે, પળ પળ ચાલે, કાલ જતો કરથી;
ધારે તે તું કરી શકે છે, અમુલખ સર્વ ઘડી ... પ્રવાસી.

ઈન્દ્રિય સુખને અલ્પ ગણી લે, વશ કરને મનજી;
શ્રદ્ધા ઘોડેસ્વાર બની લે, ચિંતા મૂક અમથી ... પ્રવાસી.

શાંતિ મળે ના અન્ય નગરમાં, સુખનો લેશ નહીં;
ભ્રમણા સઘળે, પ્રેમનગરમાં સુખની સદા ઝડી ... પ્રવાસી.

'પાગલ' કૈંક પ્રેમરસ પી પી, મસ્ત થયા શું ઋષિ,
પીશે તો શું બાકી રે'શે ? ધન્ય જઈશ બની ... પ્રવાસી.

*   *   *

**(૭૯) આખરે**

આખરે માગ્યું તમારી પાસ એવું શું !
નજીવી આશા લઈ બેસી રહ્યો છું હું ;

માગતો માણેક, મુક્તા, દ્રવ્ય ના, નિધિ ના,
માન કે સત્તા નહીં, સામ્રાજ્યનાં સ્વપ્નાં.

કામના સ્વર્ગીય સુખ કૈવલ્યની કે ના,
બ્રહ્મપદ ને ઈન્દ્ર પદવીની ના જ તમા;

તમારી બસ કામના, તૃષ્ણા હૃદયમાં આ,
છેક સાધારણ કરી છે માંગણી મેં હા,

ને કહો તે ભોગ દેવા કાજ છું તૈયાર,
લગાડો છો તોય શાને તમે હજુયે વાર ?

જે તમોને હૃદય દેવા સદાયે તૈયાર,
શીશ પર તેના ચલાવો શેં કરી તલવાર ?

મધુપ બનતાં મુખ કમલને માણવા ઈચ્છા,
રૂપરસમાં મગ્ન બનવા મધુ થવા ઈચ્છા ;

થયો 'પાગલ' એટલે, શાને લગાડો વાર ?
અન્ય ના આધાર, આવો વિરહની હો હાર !

* * *

## (૮૦) આમંત્રણ

અનુરાગ ભરી આંખો મુજને આમંત્રણ આપે,
જોતાં વેંત જ સ્વરૂપ મારા અંતરમાં સ્થાપે;
રોમાંચિત કરતાં રસ ધરતાં ક્લેશ કઠિન કાપે,
મળવા માટે એક થવાને આમંત્રણ આપે.

રસ છલકંતી અમી ઝરંતી સ્વર્ગસુખ ભરી દે,
જોતાં વેંત જ અંતર તમને આરામ ધરી દે;
મુક્તિની મ્હેફિલવાળી એ અનેક આલાપે
હૃદય બીન પર રમી રહેતી, આમંત્રણ આપે.

કંકોત્રી છે કલ્યાણ તણી કૃતાર્થ કરનારી,
કોમળ કરુણાભરી કલાંતિહર કલ્પવૃક્ષવાળી;
જ્યાં જ્યાં ફરે શાંતિ છલકાવે, પ્રસન્નતા સ્થાપે,
મોહિત કરે મહી ને મંગલ, આમંત્રણ આપે.

અમર રહે એ આંખ મહારા અંતરમાં સાચે,
જોતા વેંત જ પ્રાણ બનીને 'પાગલ'શો સાચે,
અમૃત એનું આ અવનીના અણુ અણુમાં વ્યાપે,
દર્દ શમાવે, તાપ મટાડે, ભેદ સફળ કાપે !

* * *

**(૮૧) ભક્તિ**

પરમાત્માને માટે આતુર આંખડી,
અનુરાગે અંજાઈ અવનીમાં ફરે;
અંતરને એકે ક્ષણ ચેન પડે નહિ,
જ્યાં લગ પરમાત્માનું દર્શન ના મળે;
સજ્જન સઘળા એને ભક્તિ જાણજો !

અંગાંગમહીં અંગારા જાણે ઉઠ્યા,
તરસ માટે ના કેમે કરતાં પ્રાણની;
વ્યાકુલ મનડું એક જ જાપ જપ્યા કરે,
બીજી વાત ન દીસે કોઈ કામની;
સજ્જન સઘળા એને ભક્તિ જાણજો !

સ્વર્ગતણા સુખ ખારાં છેક થઈ ગયાં,
ત્રિભુવનના ભોગોમાં રસ લાગે નહીં;
ચારુ સ્વરૂપે સુરતા છે સઘળી મળી,
હરદમ થાયે એનું એકલ ધ્યાન જો;
સજ્જન સઘળા એને ભક્તિ જાણજો !

સંતોના સંગે સુખ ઉત્તમ સાંપડે,
સુણતાં થાક ન લાગે પ્રભુ ગુણગાનને;
શુભને છોડી અશુભ માંહી મન ના રમે,
વિષ માટે ના મૂકે અમૃત પાનને,
સજ્જન સઘળા એને ભક્તિ જાણજો !

આલિંગન કરવાને અંતર ઊછળે,
પ્રભુને મળવા કરે મનોરથ સર્વદા;
રક્ત કરે રણકાર સદાયે સ્નેહનો,
ઝરણાં જીવનમાં જાગે છે પ્રેમના,
સજ્જન સઘળા એને ભક્તિ જાણજો !

* * *

## (૮૨) પ્રભુ કેમ મળે

પ્રેમ નથી દિલમાં, પ્રભુજી કેમ મળે પળમાં ?
તારા પ્રેમ નથી દિલમાં ! ... પ્રભુજી.

લેશ રડે ના અંતર તારું વિરહ તણા દવમાં;
ભૂલેચૂકે પણ ના ભાંગે ભ્રાંતિ ખરે ભવમાં.
આકુળવ્યાકુળ થાય હૃદય ના
મિલનતણી સ્મૃતિમાં ... પ્રભુજી.

આંખ મહીં અનુરાગ ન આંજ્યો, વ્હાલ ન વચનોમાં;
ધમનીમાં ધડકાર ન થાયે, સતત નથી સપનાં.
સુમન સમું સોળેય કલાએ
ખીલ્યું અંતર ના ... પ્રભુજી.

શરીરથી સેવા કર તેમ જ ભાવો ભર મનમાં;
અંતરમાં અનુરાગ જગાવી 'પાગલ' બન ક્ષણમાં.
જગજીવન તો જરૂર જડશે
મળશે કણકણમાં ... પ્રભુજી.

*   *   *

## (૮૩) ચહવા કાજ ચહું

જન્મ મરણની બીક મને ના, સાચી વાત કહું,
જન્મ મરણથી ગભરાઈ ના શરણ તમારું લહું;
જન્મ મરણની દુ:ખ કલ્પના ક્ષુબ્ધ મને ના કરે,
ચિંતા નથી ભલે ને મારાં જન્મમરણ ના ટળે.
જન્મ મરણથી ડરી તમોને પ્રેમ કરું ના હું,
વરવા માટે વરું તમોને ચહવા કાજ ચહું !

રહી શકે ના હૈયું મારું તમારા વિના આ,
વહી જતી સરિતા શું ના વહે તમારા તરફ કાં ?
જન્મ મરણ છો મળે છતાંયે તમને પ્રેમ કરૂં,
સ્વભાવ મારો પડી ગયો છે પ્રાણ હંમેશ ધરૂં.

*

ભૂલભુલામણી ભવસાગરની ભ્રાંત મને ન કરે,
ચિંતા નથી ભલેને વેદન દૈન્ય વિપત્તિ મળે;
ચપલા ના ચમકે તેજ તણી, હાર કદીક મળે,
આશાની છો થાય નિરાશા, દર્દ ભલે ન ટળે.
ભવ સાગરથી ભરમાઈને પ્રેમ કરું ના હું,
વરવા માટે વરું તમોને ચહવા કાજ ચહું !

રહી શકે ના હૈયું મારું તમારા વિના આ,
ખીલેલા ફૂલ સમું અર્પે વાસ ન તમને કાં ?
ભૂલભુલામણીમાંય તમોને પ્રેમ હંમેશ કરૂં,
સ્વભાવ મારો પડી ગયો છે તમને પ્રાણ ધરૂં

*

દુ:ખ દર્દની બીક મને ના, સાચી વાત કહું,
દુ:ખ દર્દથી ગભરાઈ ના શરણ તમારું લહું,
દુ:ખ દર્દની ભીતિ મને ના ક્ષુબ્ધ કદીય કરે,
ચિંતા નથી ભલેને મુજને દુ:ખ કદીક મળે,
દુ:ખ મહીં પણ સુખ માનીને તમને પ્રેમ કરૂં,
વરવા માટે વરું તમોને, સ્મિત સાથે વિચરૂં.

રહી શકે ના હૈયું મારું તમારા વિના આ,
સુખ ને દુ:ખ મહીં પણ એનો પ્રેમ મટે છે ના.
દુ:ખ પડે કે સુખ આવે પણ તમને પ્રેમ કરૂં,
સ્વભાવ મારો પડી ગયો છે પ્રાણ હંમેશ ધરૂં.

*

પ્રતાપથી અંજાઈને ના શરણ તમારૂં લઉં,
બંધનની બીકે ના તમને સાચે સાચ ચહું :
તમારા વિના ચેન પડે ના કળ વળતી ન મને,
શાંતિ તમારે સ્મરણ મળે છે, પુલકિત થાય તને.

રહી શકે ના હૈયું મારું તમારા વિના આ,
બંધન મુક્તિમાં પણ તેનો પ્રેમ મટે છે ના.
'પાગલ' પ્રાણ તમારો તમને કાયમ કાજ મળે,
એ અભિલાષા સાથે ગીતે પૂજન રોજ કરે.



* * *

### (૮૪) તમારા માટે

તમારા માટે યુગોથી કોણ જાણે કેમ,
આટ આટલો વહે છે મારે હૈયે પ્રેમ,
તર્ક શકે સમજી ના, બુદ્ધિ પંગુ જેમ,
ઉકેલી શકે તમારા રહસ્યને કેમ !

મારે માટે ઊગી ગયું દિવાળી પ્રભાત,
અંધારું ટળી ગયું ને ધન્ય થઈ જાત;
જ્યારથી તમારો મને થયો છે મેળાપ,
ચિંતાની ચિતા થઈ છે, ટળી ગયા તાપ.

તમારી જ આજુબાજુ મનડું ભમે,
તમારાં જ ચરણોમાં રંગમાં રમે;
તમારા વિના ન ક્યાંયે પ્રાણને આરામ,
તમારા વિના કાંઈ ના જીવનમાં કામ.

વહી જાય ઝરણાં આ જંગલના જેમ,
જીવન મારું આ વહે મુક્ત બની તેમ;
તમારી આરાધનાના આનંદમાં ન્હાય,
પૂજાફૂલ થઈ થઈ વાણી રોજ ગાય.

'પાગલ' શો પ્રાણ ભલે ધન્યતા ન્હાય,
જીવન આખુંયે ભલે ઉત્સવ શું થાય;
તમારા વિના રહે ના અંતરમાં કોય,
તમારી જ પાસે મારું કૈવલ્ય છો હોય !


* * *

## (૮૫) જોતાં વેંત જ

તમને જોતાંવેંત જ મારી વાણી જાયે થંભી,
કરું ઉપાય અનેક છતાં ના વાત શકું આરંભી;
આંસુ પ્રવાહો આંખે ચાલે, પ્રાણ ધડકતો મારો,
અનંત સુખ સાંપડતાં મારો મટી જાય શ્રમ સારો.

મંગલ સુખનું દર્શન કરતાં હૈયું હરખી જાય,
ભાવ વિભોર બનીને ઉછળે, સ્હેજ સમાધિ થાય;
યોગ સાધના તપ ને વ્રતનું ફળ મળતું મુજને,
તીરથનો મહિમા ફેલાયે, પુલકિત થાય તને.

'પાગલ' પ્રાણ પ્રસન્ન બનીને પૂજા કરે તમારી,
રોમ રોમમાં અનુરાગ તણી ખીલી ઊઠે ક્યારી;
એ ઉત્સવની તોલે કોઈ ઉત્સવ ખરે ન આવે,
કો' બડભાગી જન એ પાવે, કો' બડભાગી ગાવે.



* * *

### (૮૬) સંકલ્પ

મેં તો મનમાં છે સંકલ્પ કર્યો,
મારા તનમનમાં એ ભાવ ભર્યો
..મેં તો.

લેવો આશ્રય કોઈનો ના,
છોડી તમને જવું ક્યાંયે ના;
મારો પ્રાણ તમારામાં જ ઠર્યો
..મેં તો.

પૂજા એક તમારી જ કરું,
હૈયું બીજાને ના જ ધરું,
મારો તે દિનથી છે સમય ફર્યો
..મેં તો.



વરવું તમને, ભજવું તમને,
રટવામાં મળતો રંગ મને,
અવસર છે ઉત્તમ ખરે મળ્યો
..મેં તો.

સંકલ્પ નહીં તૂટે કો'દી,
સોહાશે જગમાં શી જોડી;
'પાગલ' આ આતમ ભલે હર્યો
..મેં તો.

* * *

## (૮૭) મહેલવાળાને

મહેલ વાળાને મઢુલી વાળાની સાથે પ્રીત થઈ છે રે,
વધતી જાય છે એ તો નીત,
થઈ રહી એની પ્રતીત ....મહેલવાળાને

કમી નથી સાચે એના ભંડારમાં કોઈ,
મોહાઈ ગયું તેનું હૈયું તોયે દીન જોઈ,
પ્રીતની એવી રીત, પ્રીત થઈ છે રે ... મહેલવાળાને

સુધાના સરોવર જેવું મુખડું મધુર એનું,
ત્રિભુવનની સુંદરતાથી ચઢે છે સ્વરૂપ જેનું,
કુરૂપને ધરી દીધું ચિત્ત, પ્રીત થઈ છે રે ... મહેલવાળાને

ગંગા છે જ્ઞાનની એ, જમના છે ભાવનાની,
સરસ્વતી સાધનાની, ત્રિવેણી પવિત્રતાની,
હૈયું તો એનું નવનીત, પ્રીત થઈ છે રે ... મહેલવાળાને

ત્રિભુવન છે જેને ચરણે ભિક્ષા તે તો શી માગે,
ધન્યતામાં ન્હાય છે જે આંસુ તેને શેં જાગે,
યાચે તે સ્નેહનું સંગીત, પ્રીત થઈ છે રે ... મહેલવાળાને

રોતા ના થાકે છે એ તૃપ્તિ ધારે નહિ એ,
સ્વામી છે તોય ચાહે સેવકના સાથ ને રે,
થાય ના લગીરે ભયભીત, પ્રીત થઈ છે રે... મહેલવાળાને

મુનિ ને યોગીને ના જણાય છે સાર એનો,
લવલેશ તે જ જાણે 'પાગલ' છે પ્રાણ જેનો,
જુગ જુગ જીવો ભલે પ્રીત, પ્રીત થઈ છે રે.. મહેલવાળાને

* * *

**(૮૮) તમારા રૂપ પર**

તમારા રૂપ પર ગયો વારી.

અર્પણ કર્યું તમોને અંતર
મિલ્કત અર્પી મારી,
જીવનદાન કરી દીધું મેં
ગયો બધું યે હારી ... તમારા.

સુંદરતાનું સદન તમે તો
કોમલતાની ક્યારી,
કેમ કરીને કહી બતાવું
કહો મધુરતા ભારી ... તમારા.



આંખ સુધાના સરવર સરખી,
છે અત્યંત રૂપાળી,
ક્ષુલ્લક લાગે સુંદરતા ત્યાં
આ સૃષ્ટિની સારી ... તમારા.

કવિજન કેમ કરીને ગાયે
વેદે રહ્યા વિચારી,
રૂપ તમારું મંગલ એવું,
જોતાં લેતું તારી ... તમારા.

ગુણની ગણના થાય કદી ના
શક્તિ પણ છે ન્યારી,
'પાગલ' કરી મને જીવન છે,
દીધું ખરે ઉજાળી ... તમારા.

*   *   *

**(૮૯) માછલું**

માછલું પાણી વિના ન રહે.
તેમ તમારા વિના પ્રાણ ના,
ક્ષણ પણ શાન્તિ લહે ... માછલું.

અંતરમાં અનુરાગ ઉમટિયો,
દર્દ અનંત સહે,
દૂર તમે જો થાવ વિપળ પણ,
દિલડું મારું દહે ... માછલું.

તમારા જ રસથી રંગાયું,
તમને હૈયું ચહે,
મૂંગુ મૂંગુ ઉત્સવ ઉજવે,
કોને વાત કહે ? ... માછલું.



‘પાગલ’ પળ પણ પ્રાણ આપણો,
જો જો અલગ રહે,
તમારા વિના જીવન મારું,
વ્યથા જરી ન સહે ... માછલું

* * *

## (૯૦) મુખડું મધુરૂં


મુખડું મધુરૂં, મધુરી વાણી,
શોભા છે સુંદર ને શાણી .. મુખડું.

નયનોમાં પ્રેમ તણું પાણી,
એમાં ડૂબી ગયા જ્ઞાની ધ્યાની .. મુખડું.

હૃદયે છે ઘર રાગે કરિયું,
એની આગળ શું કરશે દાની ! .. મુખડું.

અંગાગે કોમળતા ક્યારી,
છે રોમ રોમ રસની ખાણી .. મુખડું.

સહવાસે ક્ષુલ્લક સ્વર્ગ દિસે,
એવી પ્રેમતણી છે પટરાણી .. મુખડું.



કેશ સુંવાળા કંકોત્રી શા,
દ્રષ્ટિ વાત કરે છે છાની .. મુખડું.

સ્મિતમાં જીવનની સિદ્ધિ રહી,
સ્પર્શ સુધામય પણ તોફાની .. મુખડું.

એને સર્વ સમર્પણ મેં કરિયું,
મિલ્કત મારી જીવન જાણી .. મુખડું.

છે મંગલ એનું સૌ કાંઈ,
પણ વિરહ કરે ખૂબ જ હાનિ .. મુખડું.

* * *

## (૯૧) મોહ

તમારું મુખડું મોહ કરે,
મારે ઉર અનુરાગ ભરે ....તમારું.

અમૃતઝારી જેવું છે એ, અમૃત ખૂબ ઝરે;
મસ્ત કરે છે મનને મારા,
સ્વાદ અપાર ધરે ....તમારું.

ભાલ પ્રતાપી, ગાલ ગુલાબી, તલ ત્યાં એક તરે,
ગરદન કોમળ તલથી શોભિત,
કેશે નેન ઠરે ....તમારું.

આંખોનું વર્ણન તો કોઈ, કવિજન કેમ કરે;
વાદળ જેવી વ્હાલ ભરેલી,
અવિરત વૃષ્ટિ કરે ....તમારું.

ચંદ્રકમળની ઉપમા લૂખી, અનુપમ છેક ખરે;
શ્રીરસ ને મંગલતાનું ઘર,
બંધન મુક્ત કરે ....તમારું.

ગંગાસ્નાન તેમ તપ-તીરથ, ફળ તેમાં જ ફરે;
જ્ઞાન યોગના સાધનથી યે,
વિરલાને જ મળે ....તમારું.

'પાગલ' થયો તમોને જોઈ, તીખા તાપ હરે;
લોચનમાં લોચન છો મારાં
કાયમ કાજ મળે ....તમારું.

* * *

**(૯૨) પ્રાર્થના**

વિખુટા પડ્યાં ઉરોને જલદી હવે મિલાવો,
અળગાં થયાં ઉરોને ઉરમાં હવે શમાવો ... વિખુટાં.

રોતી રહે છે આંખો, અશ્રુ બધાં શમાવો,
પોકાર આહ મારી, મધુરી હવા જમાવો ... વિખુટાં.

રણકે છે રક્ત રાગે, તોફાન શ્વાસોશ્વાસે,
તે સર્વ શાંત કરતાં કીર્તિ અમર કમાઓ .. વિખુટાં.

હૈયું મિલાવી હૈયે ને કંઠ કંઠ સાથે,
પ્રેમી જનો મળે તે જોઈ હસો હસાવો ... વિખુટાં.

શા કારણે પડયાં છે વિખુટાં ન જાણતાં તે,
ચાહે પરંતુ મળવા, ઉત્સવ હવે મનાવો ... વિખુટાં.

તૂટેલ તાર સાંધી સૂરો વહાવે મીઠા,
તે વિરહના સ્વરોને મિલને હવે સુહાવો ... વિખુટાં.

પ્રેમી ખરે છે પાકાં, ચાહે છે પૂર્ણ દિલથી,
'પાગલ' તપ્યાં ઘણુંયે, વધુ વાર ના તપાવો .. વિખુટાં.

* * *

**(૯૩) દાન**

હું તો થઈ ગયો છું દાની,

કોઈ ઘર દે, કોઈ ધન દે, કોઈ દેતા પાણી,
અન્નદાન કોઈ દે દાની, શ્રેષ્ઠ સર્વથી જાણી
.. હું તો.

વસ્ત્રદાન કોઈ દે, કોઈ વિદ્યા દેતા પાળી;
કોઈ શાંતિ કરે સંસારે, ધરે શિખામણ શાણી
.. હું તો.

દિલનું દાન દઈ દીધું મેં, તમને મારાં માની;
તન મન ધન ઓવારી દીધું, વેચ્યાં વિચાર વાણી
.. હું તો.

'પાગલ' બની પ્રેમ વરસાવો, કમી રહે ના કાંઈ;
બડભાગી જીવન થૈ જાયે, પ્રેમ તમારો માણી
.. હું તો.

* * *

## (૯૪) દેવીને

તેં મને ઘાયલ કર્યો, ઓ દેવી મારી,
    તેં મને ઘાયલ કર્યો;
મીઠી ને મોહક એવી દૃષ્ટિ દૃષ્ટિમાં માંડી,
    ધીરેથી ઘાયલ કર્યો ....ઓ દેવી મારી.

આઠે પહોર તારી મૂર્તિ મનડામાં આવે,
    તારો જપ ચાલે તારું ધ્યાન;
વ્હાલની વીણા વાગે હૈયામાં એક તારી,
    એવો છે 'પાગલ' કર્યો ....ઓ દેવી મારી.

અંતર તલસે છે તુજને, રોમ રાગથી રંગાયાં,
    ચાલે છે તારે કાજે શ્વાસ;
ભોજન ના ભાવે મુજને એવી લગની લાગી છે,
    એવો છે ઘાયલ કર્યો ....ઓ દેવી મારી.

આઠે પહોર નિરખું નીંદર વિના તને હું,
    તમન્ના એવી છે મનમાંહ્ય;
સાજો કરી દે 'પાગલ' પ્રેમી દવા દઈને,
    કૈ ને તે સંતોષ ધર્યો ....ઓ દેવી મારી.

*   *   *

## (૯૫) ભેદ


જાણે કોણ જ ભેદ ?

અંતર અબૂધ સમાન જણાયે, ઊંડે ભરિયા વેદ;
શાંતિ અનંત ભરી અંગોમાં, પ્રાણ પણ થયો કેદ
....જાણે.

હાસ્ય વિહરતું વદને કિન્તુ, હૈયે રમતો ખેદ;
દાવાનલ દિલમાં પ્રકટેલો, કોણ જુએ એ ભેદ !
....જાણે.

લીલ નીરનો તેમ જ વાદળ, કરે ચંદ્રનો છેદ;
આજ લગી તો આવરણ થકી, એમ થયો વિચ્છેદ
....જાણે.

અંતરમાં અનુરાગ ભર્યો છે, જીવન છે નિર્વેદ;
'પાગલ' ભેદ ખુલે તે પહેલાં, પ્રકટી કરો અભેદ
....જાણે.



* * *

### (૯૬) તમારા મુખમાં

તમારા મુખમાં સ્વર્ગ સમાયું.

વસી તે મહીં કૈવલ્ય રહ્યું,
ખૂબ મને તે ભાવ્યું;
વૈકુંઠ રમે રાસ રોજ ત્યાં,
ભક્ત જનોએ ગાયું ....તમારા.

પરમશાંતિનું ધામ ખરેખર,
જોતાં મન મોહ્યાયું;
આનંદ તણા ઊડે ફુવારા,
સુધા સરોવર સારૂં ....તમારા.

તીર્થ સકળ ત્યાં ટોળે મળિયાં,
કલ્પવૃક્ષ શું ન્યારૂં;
સિદ્ધિ સદન પ્રેમરસ મંડિત,
રતિ કરતાંય રુપાળું ....તમારા.

જોતાંવેંત જ તાપ ટળે ને,
સાંપડતું સુખ ન્યારૂં;
અંતરનાં તોડી દે તાળાં,
અંધારે અજવાળું ....તમારા.

તે જ વર્ણવી શકે હોય જે,
રસમાં લેશે ન્હાયું;
સત્વર કરો કૃપા મનડુ હો,
એ મુખમાં જ સમાયું ....તમારા.

* * *

**(૯૭) શાંતિ**

મેં તો તીરથ કૈંક કર્યાં.

પૂરી દ્વારિકા ને રામેશ્વર
        બદરીનાથ ફર્યાં
ચરણદેવ મંદિરમાં ફરતાં
        વરસો કૈંક રહ્યાં ... મેં તો.

નીર્મળ નદી નીરમાં ન્હાઈ
        સાધન ખૂબ કર્યાં,
ગ્રહણ સમે સાગર સ્નાન કર્યું,
        પૂજા પુષ્પ ધર્યાં ... મેં તો.

ગુરૂ મુખથી ગ્રંથો સાંભરિયા,
        દાન અનેક કર્યાં,
મનોરથ લઈ આવ્યાં તે ના
        ખાલી હાથ વળ્યા ... મેં તો.



આંસુ લઈ આંખે પણ જ્યારે
        તન મન ચરણ ધર્યાં,
શાશ્વત શાંતિ સાંપડી ત્યારે,
        અંતર ઉભય વર્યા ... મેં તો.

*   *   *

**(૯૮) ના તલસાવો**

પ્રેમીને વધુ ના તલસાવો.

ઝંખે તેને જલાવો નહીં,
રોતાંને ઉર મહીં વસાવો,
પ્રાર્થે રાત દિવસ ને ચાહે,
ક્રૂર ન તેને લાત લગાવો ... પ્રેમીને.

તૃપ્તિ તમારે મંદિર આવે,
તેના સ્વાગત કાજે આવો;
અંક લઈ સપ્રેમ રમાડી,
પ્રેમામૃતનું પાન કરાવો ... પ્રેમીને.

તપે તમારે કાજ સદા જે,
શીતળ છાંયે તેને લાવો;
કરૂણ અંતરમાં આલાપો,
આનંદ ભર્યા આજ જગાવો ... પ્રેમીને.

પ્રાણ સમર્પિત કર્યો તમોને,
લેશ ન તેને હવે દુખાઓ;
‘પાગલ’ પાસ પધારો જલદી,
કૃતજ્ઞ બનતાં હૃદય લગાવો ... પ્રેમીને.

*   *   *

**(૯૯) સમર્થ ને**

ખૂબ સમર્થ મનાઓ,
        તમે સમર્થ ખૂબ મનાઓ.
સિદ્ધોના સ્વામી ઈશ્વર ને
        તારણહાર ગણાઓ ... તમે.

કૃપાનિધાન ખરેખર મોટા,
        કૃપા સદા વરસાવો;
પોકારો પ્રેમીનાં સુણતાં
        તરત પીગળી જાઓ ... તમે.

ઉદાર દિલ છો, પ્રાર્થના સુણી
        પ્રેમી પાસે આવો;
જીવ જોખમે વચન પ્રમાણે
        રક્ષા કરો, બચાવો ... તમે.



દાનેશ્વરી તમારા સમ ના
        સિદ્ધિ સૌ વરસાવો;
શરણાગતને સંતોષ ધરો,
        સ્વપ્ને ના તલસાવો ... તમે.

ચિંતા ને રોદન ભક્તોનાં
        ટાળી શાંતિ અપાવો;
'પાગલ' પ્રેમીને તો શાને
        ગાળો તેમ તપાવો ? ... તમે.

* * *

## (૧૦૦) અરજ

મારો છોડશો ના હાથ, કદિ ના છોડશો,
મારો તોડશો ના સાથ, કદિ ના તોડશો ....મારો.

રાતના એકાંતમાં, ચંદ્રમાની શાખમાં,
હાથ પકડ્યો હાથમાં, ના છોડશો ....મારો.

સુખ દુ:ખમાં ને વિરહમિલને, પતન ને ઉત્થાનમાં;
પ્રેમની વૃષ્ટિ તમે વરસાવવી ના છોડશો ....મારો.

એકલા જવું જિંદગીમાં પડે કો’દિ પ્રવાસમાં,
હોય સાથી કો’દિ, વધવું કો’દિ તાપે છાંયમાં;
હર્ષ ને રોદન મહીંયે પ્રાણ બેના જોડજો;
રાજમહેલે ઝૂંપડીમાં ખોળલાને ખોલજો ... મારો.

અમીરી ને દીનતા હો, રોગ તમે નિરોગ હો,
સ્વપ્ન જાગૃતિ ને સુષુપ્તિ, દશા કોઈ હોય છો,
ભાવતાં ભોજન મળે કે ક્ષુધા પીડે ખૂબ છો,
કર શરીરે ફેરવો, વરસો સુધાધારા તમો ... મારો.

સર્વ સ્થળ ને કાળમાં મુજને ન એકલ છોડશો,
અમીપાન કરાવજો, સ્વપ્નેય ના તરછોડશો
તમારો જ થઈ ગયો છું વસવસો તો હોય શો ?
કદિ સ્વપ્ને છોડશો તો ભાગ્ય મારું ફોડશો ... મારો.

* * *

## (૧૦૧) કેમ કરી માને ?

મનડું કેમ કરી માને ?

અનેક આપે ઉપદેશ છતાં, આવે ના ધ્યાને;
સ્વરૂપના રસમાં મુક્તિ ને, સ્વર્ગ રહ્યું જાણે
..મનડું.

ચરણરસ મહીં મળી ગયું તે, ભૂલ્યું છે ભાને;
વચન મધુર વિદ્વાનોનાં પણ, ના જ પડે કાને
..મનડું.

મુખ મંડળની મધુરતા મહીં, મસ્ત થયો પ્રાણે;
મધુપ મધુ મૂકી જાય ન ક્યાંયે, લીન થયો ગાને
..મનડું.

દરિદ્રને વૈભવ પ્રાપ્ત થયો, સુવર્ણની ખાણે;
ગૌર વદનમાં રમે નિરંતર, મુગ્ધ થઈ તાને
..મનડું.

‘પાગલ’ પ્રીત પુરાતન જાગી, પ્રબળ બની પ્રાણે;
બાળક મૂકી કેમ જ જાયે, ક્યાંય કહો 'મા'ને ?
..મનડું.

* * *

**(૧૦૨) કદી**

સુરજનો રસ ખૂટે ન કદી.

રોજ સવારે કિરણો એનાં રહેતાં સફર કરી,
ધરતી સાથે રાસ રમે છે જડચેતનમાં મળી,
થાકે કંટાળે ન ઘડી ....સુરજનો.

વારેવારે ઋતુઓ આવે હરેક વખત નવી;
પ્રકાશ ને આશાનાં ગીતો ગાયે કૈંક કવિ,
એને વિઘ્ન શકે ન નડી ....સુરજનો.

ગરજે જુગજુગથી સાગર આ જોઈ ચંદ્ર વળી,
કવિતા એના કોમળ હૈયે કેવી દિવ્ય ભરી;
ઊછળે, ભલે શકે ન અડી ....સુરજનો.

દિવસ રાતના અખંડ ફેરા, સરિતા જાય સરી;
કોઈને ના થાય નિરાશા મૈત્રી મિષ્ટ મળી,
કોઈ પડે કદી ન લડી ....સુરજનો.

‘પાગલ’ પ્રાણ તમારે માટે તલસે ઘડી ઘડી;
રસ ના ખૂટે અખંડ એનો, પામે પ્રેમ જડી,
થાય ના હતાશ શુષ્ક કદી ....સુરજનો.

* * *

### (૧૦૩) પ્રાર્થના

એક એક આંખમાંથી આંસુડા લુછાય,
સંતાપ શમે ને થાય દર્દનો ઉપાય;
આહ મટે, વેદનાની હુતાશની થાય,
દુઃખ નામ દુનિયા મહીંથી છેક જાય.

બંધન તૂટે બધાનાં, વેર સૌ શમે,
નીચ ઉચ્ચ ભેદ તજી સાથ સૌ રમે;
સંપ સહકાર શુભ ભાવના ફેલાય,
શાંતિ જ્ઞાન એકતાનું અમૃત રેલાય.

માનવીનું સર્વ કાંઈ સૃષ્ટિ સારૂ હો,
સૃષ્ટિની સમુન્નતિના અધ્વર્યુ સૌ હો;
સ્વર્ગથી સુખી આ સૃષ્ટિ વૈભવી ને હો,
સ્વાર્થ લાલસા અહંમાં આનંદે ના કો'.

પાંચ ખંડ પૃથ્વી એક ઘર જેવી થાય,
આરાધના માનવીની પ્રભુ પાસે જાય;
પ્રકૃતિ પુરૂષ સોહે એક તો કેવાં,
અંતર પ્રાર્થે છે દિન આવજો એવાં !

* * *

## (૧૦૪) શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ

અધર્મ જ્યારે પ્રસરે ધરામાં,
અંધાર વ્યાપે જડતા હવામાં,
ત્યારે તમે જ્યોતિ બની પ્રકાશો,
ને ચેતના નિત્ય નવી પ્રસારો,
સદ્ ધર્મને નૂતન પ્રાણ આપો,
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે ! પ્રસન્ન હો.

યુગે યુગે ચિન્મય દેહ ધારી,
લીલા કરી પ્રેરક દિવ્ય ન્યારી,
અનુગ્રહે ભક્ત અસંખ્ય તારી,
સંમોહ સંતાપ વિષાદ મારી,
પ્રકાશનો પંથ સદા બતાવો,
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે ! પ્રસન્ન હો.

મા શારદાના પ્રભુ પ્રાણ પ્યારા,
યોગીન્દ્ર જ્ઞાની ઋષિ શ્રેષ્ઠ ન્યારા,
હે પ્રેમના સાગર ! હે પવિત્ર !
પ્રપન્નના પૂરણ સત્ય મિત્ર,
કૃપા કરો તો ભય ના રહે કશો,
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે ! પ્રસન્ન હો.

કૃપા કરી દો વરદાન આપો,
આસક્તિ ને ક્લેશ મમત્વ કાપો,
રક્ષો સદા સર્વ સ્થળે અમોને,
પ્રશાંતિ પૂર્ણત્વ વિમુક્તિ આપો,
અનાથના નાથ થયા સદા છો,
શ્રી રામકૃષ્ણ પ્રભુ હે ! પ્રસન્ન હો.

* * *

## (૧૦૫) શ્રી શ્રી મા શારદામણિ દેવીની સ્તુતિ

આંખે અમી મુખ પરે મધુના ફુવારા
અંગાંગ શાંતિમય દિપ્તી ભરેલ ન્યારાં
ખુલ્લાં કર્યા કમરમંડિત કેશવાળાં
શ્રી શારદા નમન હો શતવાર મારા.

*

બેઠાં સુખાસન મહીં લવલીન ધ્યાને
સાકાર મોક્ષ સુખ સ્વર્ગ સમાધિ જાણે,
પાવિત્ર્ય પ્રેમ પ્રતિમા રતિથી રૂપાળાં
દેવી મહા નમન હો શતવાર મારાં.

*

સો સો વસંત વિકસી નવ હોય અંગે
એવા જ સુંદર સદાય છલ્યા ઉમંગે
પુષ્પો થકી વધુ સુવાસિત સ્વાદવાળાં
શ્રી શારદા નમન હો શતવાર મારાં.

*

સિદ્ધિ તણાં નમ્ર ભરેલ નેહે
માંગલ્ય મંદિર સદાય સુહાય દેહે
સંસારને શરૂ કરેલ છતાં કુંવારા
દેવી મહા નમન હો શતવાર મારાં.

*

આનંદ દર્શન થકી અતિ આપનારાં
ઉદ્ધારતાં પતિતને પણ તારનારાં
સંહારતાં તિમિર તાપ પ્રજાળનારાં
શ્રી શારદા નમન હો શતવાર મારાં.

*

વર્ષા સમાન રસ વ્હાલપથી ભરેલાં
સેવા ક્ષમા સરળતા શતથી છલેલાં
ઝાંખી થકી જ ભવબંધન કાપનારાં
દેવી મહા નમન હો શતવાર મારાં.

આરંભમાં વિલસતાં નિત મધ્યમાં ને
અંતે રહે વિચરતાં અજ એ જ છે જે
છો ભક્તને સુખ વળી વર આપનારાં
શ્રી શારદા નમન હો શતવાર મારાં.

*

છો કામધેનુ નિજ ભક્ત તણા તમે તો
સર્વે પદાર્થ શરણાગતને ધરી દો
છો સર્વ દેવ દુર્લભ અનંત સ્વરૂપવાળાં
દેવી મહા નમન હો શતવાર મારાં.

*

શતકર્મ કો'ક જનનાં જગમાં ફળે છે
ત્યારે જ ચિત્ત ચરણે મધુરા મળે છે
ગાવા ગમે ગુણ સદાય પછી તમારા
શ્રી શારદા નમન હો શતવાર મારાં.

*

કોને સ્તવું સ્તવન યોગ્ય તમે જ એક
વ્યક્તિત્વ દિવ્ય અણમોલ તમારું છેક
વાણી બને સફળ ગાન થકી તમારાં
દેવી મહા નમન હો શતવાર મારાં.

*

વિશ્વંભરી મધુમયી જગદંબ એવા
નામો રમે હૃદયમાં રસખાણ જેવાં
નેત્રો જુવે મધુર રૂપ વળી તમારાં
શ્રી શારદા નમન હો શતવાર મારાં.

*

જોડાયે ચિત્ત દિનરાત પ્રમત્ત ધ્યાને
છો સુખનું ઉર સદા બડભાગ માણે
આસિત હો નિત તમે ઉરમાંહી મારાં
દેવી મહા નમન હો શતવાર મારાં.

*

વિણા ભલે હૃદયમાં દિનરાત વાગે
ને રોમ રોમ ઉછળે અવિરામ રાગે

પામે ભલે સફળ જીવન પ્રેમધારા
શ્રી શારદા નમન હો શતવાર મારાં.

*

સંસારમાં દિલડું ના કદિકાળ લાગે
બીજો પદાર્થ સહવાસ વિના ન માગે
પૂરો મનોરથ સદા હરખે અમારાં
દેવી મહા નમન હો શતવાર મારાં.

*

કોઈ રહે હૃદયમાં નવ અન્ય કો'દિ
આવો સુણી સ્તવનને ક્ષણમાં જ દોડી
દોષો જુઓ નહીં, જુઓ બસ પ્રેમધારા
શ્રી અંબિકા નમન હો શતવાર મારાં.

*

શક્તિ નથી પણ સદા ઉર સાથ માંગે
ના યોગ જ્ઞાન તપ તોય ભરાય રાગે
દો દિવ્ય દર્શન ગણી અમને તમારાં
દેવી મહા નમન હો શતવાર મારાં.

*


કૃપા વર્ષા સદા વર્ષો એ જ ઈચ્છા ઉરે રહી,
બીજી કોઈ નથી ઈચ્છા લાલસા અન્ય છે નહીં.

*

સદા દર્શન દો તેમ કરો સાફલ્ય પ્રાણનું
વિના વિલંબ સ્વીકારો મોતી આ મુજ ગાનનું.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

**શ્રી યોગેશ્વરજી - એક પરિચય**



**(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)**

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

* * * * *

## <u>શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન</u>

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas)

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪

**પદ્યાનુવાદ** ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**પ્રવચનો** અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

*

For more information
on
Life and works of
**Shri Yogeshwarji**



Please visit

**www.swargarohan.org**